*Shree Kundkund-Kahan Parmarthik Trust*
302, 'Krishna-Kunj', Plot No.30, Navyug CHS Ltd., V. L. Mehta Marg, Vile Parle(w), Mumbai–400056
**Phone No. :** (022) 2613 0820. **Website :** www.vitragvani.com **Email :** info@vitragvani.com


Atmadharma is a magazine that has been published from Songadh, since 1943. We have re-typed and uploaded the old Atmadharma Magazines to our website www.vitragvani.com

We have taken utmost care while re-typing, from the original Atmadharma Magazines. There may be some typographical errors, for which we request all readers to kindly inform us about the same, to enable us to correct and improve. Please send your comments to info@vitragvani.com

**Shree Kundkund-Kahan Parmarthik Trust**
**(Shree Shantilal Ratilal Shah-Parivar)**




વીર સં. ૨૫૦૫, જુલાઈ [ ૪૨૯ ] વર્ષ ૩૬ : અંક ૧




(૧) જે સમ્યગ્દષ્ટિ છે તે પુત્ર-કલત્ર આદિ સર્વ પરદ્રવ્યો તથા પરદ્રવ્યોના ભાવોમાં ગર્વ કરતો નથી. જો પરદ્રવ્યોથી પોતાને મોટો માને તો તેને સમ્યક્ત્વ શાનું? ઉપશમ ભાવોને ચિંતવે છે. અનંતાનુબંધી સંબંધી તીવ્ર રાગ-દ્વેષ પરિણામોના અભાવથી ઉપશમભાવોની નિરંતર ભાવના રાખે છે તથા પોતાના આત્માને તૃણ સમાન હલકો માને છે, કારણ કે પોતાનું સ્વરૂપ તો અનંત જ્ઞાનાદિરૂપ છે એટલે જ્યાં સુધી તેની પ્રાપ્તિ ન થાય, ત્યાં સુધી તે પોતાને તૃણ બરાબર માને છે, કોઈ પદાર્થોમાં ગર્વ કરતો નથી. (સ્વામીકાર્તિકેયાનુપ્રેક્ષા, ગાથા ૩૧૩)

(૨) કામધેનુ, ચિન્તામણિ અને કલ્પવૃક્ષ એ આધીન થઈને એક જન્મમાં જ ફળ આપે છે. પરંતુ હે દેવી! (જિનવાણી માતા) તું આ ભવમાં અને પરભવમાં પણ ફળ આપે છે, તો પછી ભલા વિદ્વાન મનુષ્યો તને તેમની ઉપમા કેવી રીતે આપે? અર્થાત્ તું એમની ઉપમાને યોગ્ય નથી-તેમનાથી શ્રેષ્ઠ છે.

(પદ્મનંદિ-શ્રુતદેવતા સ્તુતિ, શ્લોક ૧૯)

(૩) એક જીવ બીજા કોઈ જીવના વિષયમાં શોક કરતો કહે છે કે અરેરે! મારા નાથનું મરણ થયું. પરંતુ તે પોતાના માટે શોક કરતો નથી કે હું સ્વયં સંસાર-સમુદ્રમાં ડુબેલો છું. સંસારમાં જીવ જેવી રીતે બીજાના વિષયમાં વિચાર કરે છે તેવી જ રીતે પોતાના માટે પણ જો વિચાર કરે તો શીઘ્ર પોતાનું હિત થાય. પરંતુ જીવ પોતાના વિષયમાં ઘણું કરીને વિચાર કરતો નથી.

(કુંદકુંદ આચાર્ય-મૂલાચાર અનુપ્રેક્ષા-અધિકાર, ગાથા ૧૧)

વાર્ષિક
લવાજમ
છ રૂપિયા
વર્ષ ૩૬
અંક ૧




વીર
સંવત
૨૫૦૫
A. D. 1979
JULY.

### ચેતન વડે શીત–ઉષ્ણરૂપ પરિણમવું અશક્ય હોવાની જેમ

# ચેતન વડે રાગાદિરૂપ પરિણમવું અશક્ય

જ્ઞાનાનંદમૂર્તિ ભગવાન આત્માના અજ્ઞાનને લીધે અજ્ઞાની જીવ, આત્મા અને દયા–દાન–કામ–ક્રોધ આદિના ભેદને નહિ જાણતો થકો, 'હું રાગી છું, હું દ્વેષી છું'–ઇત્યાદિ પ્રકારે રાગાદિ કર્મનો કર્તા પ્રતિભાસે છે. જેમ શીત–ઉષ્ણ અવસ્થા પુદ્‌ગલ સાથે એકમેક છે ને જીવથી ભિન્ન છે તથા તે સંબંધી જ્ઞાનની અવસ્થા જીવથી અભિન્ન છે ને પુદ્‌ગલથી ભિન્ન છે તેમ દયા–દાન–વ્રત–ભક્તિનો શુભરાગ હો કે કામ–ક્રોધ–વિષય –વાસનાનો અશુભરાગ હો પણ એ પુદ્‌ગલપરિણામની અવસ્થા પુદ્‌ગલથી અભિન્ન છે ને આત્માથી અત્યંત ભિન્ન છે. પરંતુ જ્ઞાનના સ્વપરપ્રકાશકપણાને લીધે જ્યાં રાગસંબંધી પોતાને જ્ઞાન થયું ત્યાં અજ્ઞાની જીવ 'હું રાગી છું'–એમ આત્મસ્વરૂપના અજ્ઞાનને લીધે રાગાદિ પરને પોતારૂપ માનતો થકો એ રાગાદિ કર્મનો કર્તા પ્રતિભાસે છે. જેમ પુદ્‌ગલની શીત–ઉષ્ણ અવસ્થારૂપે આત્મા વડે પરિણમવું અશક્ય છે તેમ રાગ–દ્વેષ આદિ પુદ્‌ગલપરિણામરૂપે આત્મા વડે પરિણમવું અશક્ય હોવા છતાં, જ્ઞાનનું અજ્ઞાનત્વ પ્રગટ કરતો, પોતે અજ્ઞાનમય થયો થકો અજ્ઞાની જીવ રાગાદિનો કર્તા પ્રતિભાસે છે.

[ શ્રી સમયસાર ગાથા ૯૨ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનમાંથી ]

રાગ–દ્વેષ સુખ–દુઃખ આદિ અવસ્થા પુદ્‌ગલકર્મના ઉદયનો સ્વાદ હોવાથી આત્માથી અત્યંત ભિન્ન છે. પરંતુ અજ્ઞાનને લીધે તેનું ભેદજ્ઞાન નહિ હોવાથી અજ્ઞાની જીવ ‘હું રાગી છું’ –ઇત્યાદિ પ્રકારે રાગાદિ કર્મનો કર્તા પ્રતિભાસે છે એમ અહીં સમજાવે છે.

પરને કરે નિજરૂપ ને નિજ આત્મને પણ પર કરે,<br>અજ્ઞાનમય એ જીવ એવો કર્મનો કારક બને. ૯૨.

આ આત્મા પોતાના શુદ્ધ આનંદઘન સ્વરૂપના અજ્ઞાનથી, ભગવાન આત્મા આનંદ સ્વરૂપ અને રાગ–દ્વેષ–કર્મ–નોકર્મરૂપ પર એ બેના ભેદને નહિ જાણતો થકો, રાગ–દ્વેષ–કર્મ–નોકર્મ મારા છે–એમ પરરૂપ પોતાને કરતો થકો, પોતે અજ્ઞાનથી રાગાદિનો કર્તા પ્રતિભાસે છે.

જેવી રીતે શીત–ઉષ્ણ અવસ્થા પુદ્‌ગલ દ્રવ્યથી એકમેક છે ને આત્માથી સદાય અત્યંત ભિન્ન છે. શીત–ઉષ્ણ અવસ્થાનું જે જ્ઞાન થાય છે તે આત્માથી અભિન્ન છે ને પુદ્‌ગલ દ્રવ્યથી સદાય અત્યંત ભિન્ન છે. તેવી રીતે આત્માનો સ્વભાવ શુદ્ધ ચૈતન્ય છે તે અપેક્ષાએ સુખ–દુઃખ–રાગાદિ પર્યાય આત્માની નથી પણ પુદ્‌ગલ દ્રવ્યની છે, તેથી તે અવસ્થા પુદ્‌ગલ દ્રવ્યથી અભિન્ન છે. રાગ–દ્વેષ–સુખ–દુઃખના પરિણામ એ કર્મનું કાર્ય છે, પુદ્‌ગલની અવસ્થા છે, તેથી તે પુદ્‌ગલથી અભિન્ન છે. દયા–દાન–વ્રત–તપ આદિ છે એ મંદ રાગ છે, એ રાગ પુદ્‌ગલની અવસ્થા છે ને તેનું જે જ્ઞાન છે તે આત્માથી અભિન્ન છે. દયા–દાન–ઉપવાસ એ રાગ છે. એ રાગ સ્વભાવને આધીન થતાં નથી પણ પુદ્‌ગલને આધીન થાય છે, તેથી તે પુદ્‌ગલની અવસ્થા છે. તેથી તે પુદ્‌ગલથી અભિન્ન છે ને રાગાદિ ભાવનું જ્ઞાન છે એ જ્ઞાન આત્માથી અભિન્ન છે. રાગાદિ ભાવ પુદ્‌ગલથી અભિન્ન છે ને તે સંબંધી જ્ઞાન આત્માથી અભિન્ન છે. રાગાદિ જે પરિણામ થયા તેનું જ્ઞાન એ આત્માથી અભિન્ન છે. રાગાદિ થાય એ પુદ્‌ગલની અવસ્થા છે ને તેનું જ્ઞાન થાય એ આત્માની દશા છે.

આત્મા જ્ઞાનસ્વભાવ સ્વરૂપ છે ને જ્ઞાન સ્વપરપ્રકાશ છે. તે કારણે રાગાદિ સંબંધી પોતામાં પોતાથી જે જ્ઞાન પરિણામ થયા એ પોતાથી અભિન્ન છે ને પુદ્‌ગલથી ભિન્ન છે. રાગાદિ કર્મથી થાય છે એ વાત અહીં સિદ્ધ નથી કરવી પણ પોતાના સ્વભાવથી રાગાદિ થતાં નથી તેથી પુદ્‌ગલના કહ્યાં છે. પણ કોઈ એમ લઈ લે કે રાગાદિ કર્મથી થાય છે, તો એમ નથી. અહીં તો એમ કહેવું છે કે અજીવ, પુણ્ય, પાપ, આસ્રવ બધા તત્ત્વો એક છે, તેનાથી આત્મા ભિન્ન તત્ત્વ છે. અપેક્ષા સમજવી જોઈએ. આ તો વીતરાગનો માર્ગ છે.

કહે છે કે સુખ–દુઃખની કલ્પના થાય છે તે નિશ્ચયથી પુદ્ગલની છે અને તેનું અહીં જ્ઞાન થયું એ જ્ઞાન ને સુખ–દુઃખની કલ્પના–એ બેનું ભેદજ્ઞાન નહીં હોવાથી, અનાદિના એકત્વના અધ્યાસને લઈને 'હું રાગી છું' આદિ પ્રકારે રાગનો કર્તા પ્રતિભાસે છે. વ્રત–તપ–ઉપવાસ આદિનો ભાવ એ રાગ ને તેનું જ્ઞાન–એ બેના ભેદને જે જાણતો નથી તે, જેમ શીત–ઉષ્ણરૂપે આત્માનું પરિણમવું અશક્ય છે–ક્યારેય ઠંડો ગરમ આત્મા થતો નથી તેમ, રાગ–દ્વેષ, સુખ–દુઃખની કલ્પનાના ભાવરૂપે આત્મા વડે પરિણમવું અશક્ય છે. એવા રાગ–દ્વેષ–સુખ–દુઃખ આદિરૂપ અજ્ઞાનાત્મા વડે 'હું રાગાદિપણે પરિણમ્યો'–એમ માને છે. 'હું રાગાદિરૂપ થઉં છું' –એમ અજ્ઞાની માને છે પણ વસ્તુ રાગરૂપે પરિણમતી નથી.

ભગવાન આત્મા તો જ્ઞાનસ્વરૂપ છે પણ જ્ઞાનપણે પ્રગટવું છોડીને અજ્ઞાનાત્વ પ્રગટ કરતો પોતે સ્વયં અજ્ઞાનમય થયો થકો 'હું આ રાગનો કર્તા છું'–આદિ વિધિથી રાગાદિનો કર્તા અજ્ઞાની પ્રતિભાસીત થાય છે.

આત્માની પર્યાયમાં જે રાગાદિ દેખાય છે, રાગ–દ્વેષ–સુખ–દુઃખની કલ્પના દેખાય છે તે પુદ્ગલની દશા છે. ભગવાન આત્મા આનંદ અને જ્ઞાનસ્વરૂપ છે. તેની દશા તો આનંદ ને શાંતિ એ એની દશા છે. રતિ–અરતિ આદિ ઉત્પન્ન થાય છે તે પુદ્ગલ કર્મના ઉદયનો સ્વાદ છે. જ્ઞાનમાં તે સ્વાદ જણાય છે, છતાં તે સ્વાદ છે તે મારો છે એવી મિથ્યાદ્રષ્ટિની માન્યતા છે.

દયા–દાન આદિનો ભાવ તે રાગ છે ને રાગ–દ્વેષ એ તો પુદ્ગલની દશા છે, એ તારી દશા નહિ પ્રભુ! રાગ છે એ પુદ્ગલની દશા છે. ભાઈ! આ પથ્થરનું ઘર એ તો તારું નહિ પણ તારું ઘર તો રાગ–દ્વેષ ને સુખ–દુઃખની કલ્પનાથી પણ પાર શાંતિનું ધામ છે! એ નિજઘરમાં ઠરવું–વસવું એ ખરું વાસ્તુ છે. પ્રભુ! રાગ–દ્વેષ–સુખ–દુઃખની કલ્પના એ પુદ્ગલની દશા છે–એમ ત્રિલોકનાથ કહે છે. જ્ઞાન–દર્શન–આનંદ આદિ તારો સ્વદેશ છે પણ તું અજ્ઞાનથી રાગ–દ્વેષ હરખ–શોક–દીનતા–મુર્ખાઈ આદિ દશાઓને તારો સ્વદેશ માની રહ્યો છે પણ પ્રભુ! એ તારી દશા નહિ, એ તો પુદ્ગલની અવસ્થા છે.

જેમ શીત–ઉષ્ણ એ પુદ્ગલની અવસ્થા છે તેથી તે પુદ્ગલ સાથે અભિન્ન છે, તેમ સુખ–દુઃખ આદિ કલ્પના એ પુદ્ગલની અવસ્થા છે, પુદ્ગલ કર્મના ઉદયનો એ સ્વાદ છે, એ તારા જ્ઞાનમાં ભાસે છે પણ એ તારો સ્વાદ નહિ. પ્રભુ! અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવે છે એ તારો સ્વાદ છે. ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદની મૂર્તિ છે ને અતીન્દ્રિય આનંદનો સ્વાદ એ તારો સ્વાદ છે પણ અજ્ઞાની રાગ–દ્વેષ ને સુખ–દુઃખની કલ્પનાને મારી માની રહ્યો છે કે જે જડની અવસ્થા છે.

પ્રભુ! તારામાં એવો કોઈ ગુણ નથી કે રાગ–દ્વેષ, સુખ–દુઃખ રૂપે તું પરિણમે. અનંત અનંત અનંત ગુણોનો પાર નહિ એવો પ્રભુ તું છો પણ રાગાદિને મારા માની ચાર ગતિમાં રખડીને દુઃખી થઈ રહ્યો છે. અહીં તો કહે છે કે એ દુઃખની અવસ્થા એ પણ પુદ્‌ગલની અવસ્થા છે, કેમ કે દુઃખરૂપે તું થાય એવો કોઈ તારામાં ગુણ નથી. સુખ–દુઃખની કલ્પનાની દશા થાય એવો તારામાં કોઈ ગુણ છે? દયા–દાન આદિપણે થાય એવો કોઈ ગુણ છે?–કે ના; આત્માનો ગુણ તો જ્ઞાન આનંદ આદિ છે. દ્રવ્ય શુદ્ધ, અનંતાનંત ગુણ શુદ્ધ અને તેની દ્રષ્ટિ કરતાં શુદ્ધતા થાય એ એની દશા છે.

રાગ–દ્વેષ–સુખ–દુઃખની કલ્પના એ તો પુદ્‌ગલની અવસ્થા છે. પુદ્‌ગલથી અભિન્ન છે ને આત્માથી અત્યંત ભિન્ન છે. પ્રભુ! એકવાર સાંભળ તો ખરો! તારામાં અનંત ચૈતન્યરત્નાકર ભર્યા છે, એની દ્રષ્ટિ કરતા જે દશા પ્રગટ થાય એ તારી દશા છે. પરંતુ અજ્ઞાનને લીધે આનંદનો નાથ પ્રભુ અને રાગ–દ્વેષ આદિ જડની દશા એ બેનું ભેદજ્ઞાન નહિ હોવાથી એમ માને છે કે રાગ–દ્વેષ–સુખ–દુઃખાદિ અવસ્થા મારી છે, એ મારો જ સ્વાદ છે–એમ અજ્ઞાની અજ્ઞાનને લીધે માને છે. કારણ કે જ્ઞાન છે તે સ્વચ્છ છે તેથી જેમ શીત–ઉષ્ણ જ્ઞાનમાં જણાય એમ રાગાદિ જ્ઞાનની સ્વચ્છતાને લીધે જણાય છે ત્યાં અજ્ઞાનીને જાણે કે જ્ઞાન જ રાગાદિરૂપે થઈ ગયું હોય તેમ અજ્ઞાનથી ભાસે છે. જ્ઞાનની સ્વચ્છતામાં રાગાદિ જણાય છે, ઝળકે છે, પ્રતિબિંબિત થાય છે, ત્યાં અજ્ઞાની તેને જાણતા એમ માની લે છે કે એ મારા જ છે. કેમ કે રાગાદિથી ભિન્ન સ્વરૂપની એને ખબર નથી. તેથી અજ્ઞાની એમ માને છે કે ‘હું રાગી છું, હું દ્વેષી છું’ ઇત્યાદિ.

–આ રીતે અજ્ઞાની રાગદ્વેષાદિ કર્તા થાય છે.

### ❀ ભૂલભૂલામણીમાંથી ચેતનને બહાર કાઢ ❀

ભાઈ! તું અનંતી ઋદ્ધિથી ભરેલો ભગવાન છો, એને તું ભૂલી ગયો ને સંસારની ભૂલ–ભૂલવણીમાં ચડી ગયો, તેથી એ ભૂલ–ભૂલવણીમાંથી માર્ગ નીકળતો નથી. બહારની વિભૂતિને ને સ્ત્રી–પુરુષની સુંદરતાની વિભૂતિને દેખી દેખીને અંતરની વિભૂતિને તૂં ભૂલી ગયો છો. એ ભૂલવણીની વિભૂતિને દેખવું ભૂલી જા તો તારી અંતરની વિભૂતિની આશ્ચર્યતા ને મહાનતા તને દેખાશે. –પૂજ્ય ગુરુદેવ, રાત્રિચર્ચામાંથી

## ત્રિકાળી અનુભૂતિને અનુચિત એવા

# ક્રોધાદિનો કર્તા થતો અજ્ઞાની

જેમ જેના શરીરમાં ભૂત પ્રવેશ્યું હોય એવો પુરુષ પોતાને ને ભૂતને એક કરતો થકો, મનુષ્યને અનુચિત એવા અમાનુષ વ્યવહારનો કર્તા પ્રતિભાસે છે; તેમ સમસ્ત વસ્તુઓના સંબંધથી રહિત બેહદ શુદ્ધ ચૈતન્યધાતુમય ભગવાન આત્માના અજ્ઞાનને લીધે અજ્ઞાની ક્રોધાદિ પરને ને આત્માને એક કરતો થકો, ત્રિકાળી અનુભૂતિમાત્ર જે ચેતન ભાવક તેને અનુચિત એવા અચેતન કર્મરૂપ ભાવકનું ભાવ્ય જે ક્રોધ–માન–માયા આદિ ભાવો તેનો કર્તા પ્રતિભાસે છે. વળી જેમ કોઈ પુરુષ અપરીક્ષક આચાર્યના ઉપદેશથી પાડાનું ધ્યાન ધરતો થકો, અજ્ઞાનને લીધે પાડાને ને પોતાને એક કરતો થકો હું મોટા શીંગડાવાળો પાડો છું એવા અધ્યાસને લીધે એ ભાવોનો કર્તા પ્રતિભાસે છે. તેમ દયા–દાન–વ્રત–ભક્તિ આદિ શુભરાગથી ધર્મ થાય એમ માનનારા અપરીક્ષક ઉપદેશકના ઉપદેશથી, અજ્ઞાનને લીધે અજ્ઞાની જીવ ભ્રમવશ સ્ત્રી–પુત્ર–પૈસા આદિ તથા ધર્માસ્તિકાય આદિ જ્ઞેયને અને જ્ઞાયકને એક કરતો થકો પરપદાર્થોમાં એકાકાર થયો થકો તે ભાવોનો કર્તા પ્રતિભાસે છે. એ રીતે ક્રોધાદિ તથા ધર્માસ્તિ આદિ ભાવોના કર્તાપણાનું મૂળ અજ્ઞાન ઠર્યું.

[ શ્રી સમયસાર ગાથા ૯૬ ઉપર પૂજ્ય ગુરુદેવના પ્રવચનમાંથી ]

સમસ્ત વસ્તુઓના સંબંધથી રહિત બેહદ શુદ્ધ ચૈતન્યધાતુમય પરમ અમૃતરૂપ વિજ્ઞાનઘન ભગવાન આત્માના અજ્ઞાનને લીધે, મૃતક કલેવરમાં મૂર્છિત થયો થકો, ક્રોધાદિ પરભાવોનો કર્તા પ્રતિભાસે છે. તેથી એ કર્તાપણાનું મૂળ અજ્ઞાન છે એમ અહીં કહે છે :

## જીવ મંદબુદ્ધિ એ રીતે પરદ્રવ્યને નિજરૂપ કરે,
## નિજ આત્મને પણ એ રીતે અજ્ઞાનભાવે પર કરે. ૯૬.

ખરેખર એ રીતે એટલે કે સત્યાર્થ રીતે જોઈએ તો 'હું ક્રોધ છું'–ઇત્યાદિ માન્યતા મિથ્યાત્વ છે. 'હું જ્ઞાનાનંદ વીતરાગ મૂર્તિ છું'–એવું ભૂલીને દયા–દાન આદિનો રાગભાવ કે દ્વેષ આદિ મારા છે એવો વિકલ્પ કરે છે તે વિકલ્પનો કર્તા થાય છે. તેથી એ કર્તાપણાનું મૂળ અજ્ઞાન ઠર્યું.

રાગાદિથી જેને ભેદજ્ઞાન નથી ને રાગાદિને આત્માથી અભેદ માનીને વિકાર પરિણામનો કર્તા થાય છે, એ મિથ્યાત્વ છે ને તેમાં અનંતા જન્મમરણ કરવાની તાકાત છે. દયા–દાન આદિનો રાગ છે એ મારો છે એમ પરભાવને પોતારૂપ કરે છે એ અજ્ઞાન છે. જો કે ભગવાન આત્મા રાગાદિથી તથા છ–દ્રવ્યના સંબંધથી રહિત છે. ક્રોધાદિ ૧૭ બોલ અને ધર્માસ્તિ આદિ છ બોલ–એ ત્રેવીસે બોલના સંબંધથી રહિત ભગવાન આત્મા બેહદ શુદ્ધ ચૈતન્યધાતુમય આત્મા છે. જેનું જ્ઞાન મર્યાદા રહિત અપરિમિત છે એવો બેહદ શુદ્ધ ચૈતન્યધાતુમય આત્મા હોવા છતાં અજ્ઞાનને લીધે જ 'હું આવો છું'–એમ એને ખબર નથી તેથી ક્રોધાદિ સવિકાર અને સોપાધિક કરાયેલા ચૈતન્યપરિણામરૂપ વિકલ્પવાળો હોવાથી તે પ્રકારના પોતાના વિકારી ભાવોનો કર્તા પ્રતિભાસે છે.

બેહદ શુદ્ધ ચૈતન્યધાતુમય જે ભગવાન આત્મા તેને નહિ જાણતો થકો, જે પોતામાં નથી એવા સવિકારી અને સોપાધિક ભાવોનો કર્તા પ્રતિભાસે છે. જે તારા નથી એવા દયા–દાન આદિ રાગને તારા માનીને મૂઢપણે તેનો કર્તા થાય છે. અરે! તું તો અનંત અનંત બેહદ શુદ્ધ ચૈતન્યધાતુ છો પણ તેની તને ખબર નથી ને જે તારા નથી એવા દયા –દાન આદિ ભાવનો તું અજ્ઞાનપણે કર્તા થઈને અનંત સંસારમાં રખડી રહ્યો છે.

પ્રભુ! તારામાં નથી એવા શુભાશુભ રાગ અને પરદ્રવ્યના વિકલ્પનો કર્તા થા છો તે અજ્ઞાન છે. પ્રભુ! તું પ્રભુ છો. તારી એક એક શક્તિમાં પ્રભુતા ભરી છે, તેને ભૂલીને દયા–દાન આદિની પામરતાના ભાવનો કર્તા થા છો, તેથી રખડી રહ્યો છો. પ્રભુ! તું કોણ? તું રાગ? તું દયા–દાન પરિણામ? તું પર જીવ? મન તું? ભાષા તું! કે ના; તું તો બેહદ શુદ્ધ ચૈતન્યધાતુ છો. ધાતુ એટલે કે ચૈતન્યપણું–સર્વજ્ઞપણું ધારી રાખનારો તું છો. અનંતા અનંતા બેહદ ગુણોને ધારી રાખનારો એવો તું છો. તેને ભૂલીને આ રાગ મારો, પુણ્યભાવ મારા–પ્રભુ! આ તેં શું કર્યું? અજ્ઞાનપણે તું તેનો કર્તા થયો. ક્રોધ, માન, માયા, આદિ સત્તર બોલ અને તે સિવાય જે વિકલ્પ ઊઠે એ પરદ્રવ્ય છે. પ્રભુ તેની સાથે તારો કાંઈ સંબંધ નથી, પણ તેની સાથે સંબંધ

છે એમ અજ્ઞાનપણે જે રાગાદિ થાય તેનો તું કર્તા થઈ રહ્યો છો. પ્રભુ ! તું તો અમૃતનો સાગર છો ને આ શરીર તો મૃતક કલેવર છે, એમાં તું ક્યાં મુર્છાયો ? પરમ અમૃતરૂપ વિજ્ઞાનઘન આત્મા અંદર છે કે જેમાં દયા–દાન આદિના વિકલ્પનો પણ પ્રવેશ નથી એવો તું છો. પરમ અમૃતરૂપ, પરમ આનંદરૂપ, પરમ અતીન્દ્રિયઆનંદરૂપ, વિજ્ઞાનઘન પ્રભુ મડદામાં મૂર્છાઈ ગયો અરેરે !

પ્રભુ ! તું તો સમસ્ત પરદ્રવ્યોના સંબંધથી રહિત બેહદ શુદ્ધ ચૈતન્યધાતુમય વિજ્ઞાનઘન છો અને દયા–દાન આદિ રાગ દ્વેષ તથા શરીર એ બધા મડદા છે, ચૈતન્યના પ્રાણથી રહિત છે. તેની સાથે તારો કોઈ સંબંધ નથી. આમ હોવા છતાં મકાન મારા, પૈસા મારા, દાગીના મારા, અરે પ્રભુ ! આ તને શું થયું ? પ્રભુ ! તું તો અમૃતનો સાગર પ્રભુ છે ને આ ક્યાં મૂર્છાયો ? આહાહા ! સંતોની કરુણા તો જુઓ !

અનંત અનંત અનંત અનંત અનંત એવો બેહદ ચૈતન્યસ્વભાવી પ્રભુ તું છો. તારે ને સમસ્ત પરને કાંઈ સંબંધ નથી. બેહદ જ્ઞાન, બેહદ પ્રભુતા, બેહદ ઈશ્વરતાથી ભરેલો પ્રભુ તું છો. તારે ને રાગને કાંઈ સંબંધ નથી, પણ તારા સ્વરૂપની તને ખબર નથી, તેથી રાગને તારો માનીને કર્તા થઈ રહ્યો છો. પ્રભુ ! તું ક્યાં મુર્છાઈ ગયો ? રાગ કે જે તારું સ્વરૂપ નથી તેમાં તું મુર્છાઈ ગયો ! આ શું થયું તને ? તું તો ચૈતન્યહીરલો મહાપ્રભુ છો.

બહુ સરસ ગાથા છે. તું છો બેહદ આનંદનો ધરનાર, તું છો અનંત શક્તિથી ભરેલો, તું છો અનંત વીતરાગી કાર્યનો કરનારો, કર્તાશક્તિથી ભરેલો–એવી ચૈતન્યધાતુ તું છો. પણ એને ભૂલીને રાગ આવે ને જાય–છૂટી જાય એવો રાગ મારો છે એમ સ્વરૂપના અજ્ઞાનથી તે ભાવનો કર્તા થાય છે. શરીર આદિ પરદ્રવ્યનો કર્તા તો અજ્ઞાનથી પણ નથી પણ એ પરદ્રવ્યો મારા છે એવા વિકારી પરિણામનો તું કર્તા થાય છે.

બેહદ એટલે અનંત. બેહદ જીવતર શક્તિને ધારી રાખી છે, બેહદ ચિતિશક્તિરૂપ ધાતુ એટલે કે ધારી રાખી છે એવો તું છો. દયા–દાનના વિકલ્પને ધારી રાખ્યા છે એ આત્મા નહિ. આહાહા ! જૈનની નીતિ, જૈનનો માર્ગ દુનિયાની સાથે ક્યાંય મેળ ખાય એવો નથી.

નિશ્ચયથી ચૈતન્ય ભગવાન ગુણ–ગુણીના ભેદ–વિકલ્પના રાગના પણ સંબંધ રહિત ચૈતન્યધાતુ છે. પણ એવા આત્માને ભુલી અજ્ઞાનથી દયા–દાન–વ્રત આદિ તેમ જ સ્ત્રી–

પુત્ર આદિ એ બધા પરદ્રવ્યોને પોતારૂપ માનીને સવિકાર તથા સોપાધિક ભાવોનો કર્તા પ્રતિભાસે છે.

આ રીતે જેના શરીરમાં ભૂત વળગ્યું હોય તેમ રાગાદિના પરિણામના તથા ધ્યાનાવિષ્ટ પુરુષની જેમ ધર્માસ્તિ આદિ પરદ્રવ્યોના કર્તાપણાના મૂળમાં અજ્ઞાન ઠર્યું. તે વાત પ્રગટ દૃષ્ટાંતથી કહે છે :

જેમ કોઈ પુરુષને ભૂત વળગ્યું હોય તે અજ્ઞાનને લીધે, ભૂત તે હું નહિ તેને બદલે, પોતાને ને ભૂતને એક કરતો થકો, મનુષ્યને યોગ્ય નહિ એવી વિચિત્ર ચેષ્ટા સહિત ભયંકર કાર્યવાળા અમાનુષ વ્યવહારવાળો તે મનુષ્ય તે ભાવોનો કર્તા થાય છે.

તેમ શુદ્ધ ચૈતન્યઘનના અજ્ઞાનને લીધે ભાવ્ય–ભાવકરૂપ એટલે કે જડ કર્મ ભાવક અને દયા–દાન–વ્રત આદિ વિકારીભાવ તેનું ભાવ્ય, એવા ભાવકભાવ્યરૂપ પરને અને પોતાને એક કરતો થકો, બે ભિન્ન હોવા છતાં બેને એક કરતો થકો એટલે કે ભગવાન શુદ્ધ ચૈતન્ય ભૂતાર્થ આત્મા અને દયા–દાન આદિ ભિન્ન હોવા છતાં બે ને એક કરતો થકો, અવિકાર અનુભૂતિમાત્ર અર્થાત્ ત્રિકાળી અનુભૂતિમાત્ર ભાવક હોવા છતાં એ અવિકારી અનુભૂતિમાત્ર ભાવકને યોગ્ય નહિ એવી ક્રોધાદિ ચેષ્ટારૂપ વિકારી પરિણામનો કર્તા ભાસે છે. કારણ કે વસ્તુ ભગવાન ચૈતન્ય છે અને તેને યોગ્ય તો અનુભૂતિ છે. પણ સ્વભાવના ભાવ વિના, સ્વભાવને યોગ્ય નહિ એવા વિકારના પરિણામને પોતારૂપ કરતો થકો એ ભાવોનો કર્તા પ્રતિભાસે છે.

અહીં જે અનુભૂતિમાત્ર કહ્યું છે તે પર્યાય નથી પણ ત્રિકાળી અનુભૂતિ અર્થાત્ દ્રવ્ય લીધું છે. ભાઈ ! તારે યોગ્ય તો આત્માની અનુભૂતિ છે. આત્માની અનુભૂતિ એ તારે લાયક છે, આત્મા ત્રિકાળી અનુભૂતિમાત્ર ભાવક છે પણ પોતાને ભૂલીને કર્મ ભાવકનું જે ભાવ્ય દયા–દાન આદિ તેને પોતારૂપ માનીને તું તે ભાવનો કર્તા થઈ રહ્યો છે. પરંતુ જેમ ભૂતની ચેષ્ટાઓ એ મનુષ્યને યોગ્ય નથી, તેમ રાગાદિ વિકારી ચેષ્ટાઓ એ કર્મનું ભાવ્ય–કાર્ય છે, એ કાર્ય તને યોગ્ય નથી. અજ્ઞાનને લઈને તને અયોગ્ય એવા વિકારી પરિણામ એ મારું કર્તવ્ય છે–એમ વિકારપણે પરિણમતો થકો વિકારનો કર્તા થઈ રહ્યો છે.

એ રીતે ભૂતાવિષ્ટ પુરુષના દૃષ્ટાંતથી જેમ તારા બેહદ શુદ્ધ ચૈતન્ય સ્વભાવને ભૂલીને તું આત્મ–અનુભૂતિને અનુચિત એવા ક્રોધ, માન, માયા, લોભ આદિ પરિણામનો કર્તા થઈ રહ્યો છે એ તારી મોટી ભૂલ છે, મોટો મિથ્યાત્વદોષ છે–એમ કહ્યું. જેમ મનુષ્યનું મનુષ્યપણું ભૂલીને ભૂતની ચેષ્ટાને પોતાની માને છે તેમ પ્રભુ ! તને તું ભૂલીને વિકારની

પામર ચેષ્ટાને તારા માની રહ્યો છે અરેરે! ભાઈ હવે તું તેનું કર્તાપણું છોડી દે–એમ કહેવાનું તાત્પર્ય છે.

હવે ધર્માસ્તિ આદિ છ–બોલ માટે ધ્યાનવિષ્ટ પુરુષનું દ્રષ્ટાંત કહે છેઃ

જેમ કોઈ અજ્ઞાની અપરીક્ષક આચાર્યના ઉપદેશથી પાડાનું ધ્યાન કરતો ભોળો પુરુષ પાડાને અને પોતાને એક કરતો થકો, મારે તો બહુ મોટા શીંગડા છે અને હું ઓરડામાંથી બહાર નીકળી શકું તેમ નથી–એમ મોટા શીંગડાવાળો હું મોટો મહિષ છું–એવા અધ્યાસને લીધે તે ભાવનો કર્તા પ્રતિભાસે છે.

તેવી રીતે આ આત્મા પોતાના અજ્ઞાનને લીધે જ્ઞેયજ્ઞાયકરૂપ અર્થાત્ સ્ત્રી–પુત્ર–મકાન આદિ અન્ય જીવ, અજીવ, ધર્માસ્તિ આદિ જ્ઞેય છે અને પોતે જ્ઞાયક છે. દ્રષ્ટાંતમાં અપરીક્ષક આચાર્ય કહ્યું એનો અર્થ કે પંચપરમેષ્ઠીનું સ્મરણ કરવાથી ધર્મ થાય ઇત્યાદિ રાગમાં ધર્મ માનનાર અપરીક્ષક ઉપદેશક છે. અહીં કહે છે કે સ્ત્રી–પુત્રનો આત્મા જ્ઞેય તરીકે જાણવા લાયક છે, તેનું શરીર પણ જ્ઞેય તરીકે જાણવા લાયક છે. તેને બદલે શરીરને હું ભોગવું, દયા–દાન આદિ પર પદાર્થને હું ભોગવું એ પાડાના ધ્યાનની માફક પરમાં એકાકાર થઈ રહ્યો છે.

ભગવાન! તું તો દયા–દાન આદિ રાગ કે સ્ત્રી–પુત્ર આદિ સમસ્ત પરપદાર્થના સંબંધથી રહિત છો એમ વીતરાગ દેવ કહે છે. જે વીતરાગદેવનો ભગત હોય ઈ આ વાત માને!

પાડાનું ધ્યાન કરતા ધ્યાનાવિષ્ટ પુરુષની માફક આ આત્મા પણ અજ્ઞાનને લઈને, ધર્માસ્તિ આદિ જાણવા લાયક પરજ્ઞેય છે અને આત્મા જાણનારો છે એમ ન માનતા, પરજ્ઞેયને પોતાના માને છે કે પૈસા મારા, સ્ત્રી મારી, પુત્ર મારો. ખરેખર તો પોતે જાણનારો છે અને એ ચીજ જાણવાલાયક છે, પણ એ ચીજ મારી છે એમ છે જ નહિ. લક્ષ્મી પરજ્ઞેય છે ને આત્મા જ્ઞાયક છે છતાં, અજ્ઞાનથી ભ્રમવશ પાડાના ધ્યાનથી પોતાને પાડો માને છે તેમ, અજ્ઞાનથી ભ્રમવશ લક્ષ્મી આદિ પરજ્ઞેયને મારા માને છે.

ધર્માસ્તિ આદિનો વિકલ્પ ઊઠયો તેને મારો માનીને 'હું પરદ્રવ્ય છું' એવા મિથ્યા અધ્યાસને લીધે 'હું ધર્માસ્તિ છું, હું અધર્માસ્તિ છું' આદિ માને છે. અહીં તો જૈનની વાત લીધી છે કે ભગવાનની વાણીથી, શાસ્ત્રોથી ધર્માસ્તિકાય આદિ છ દ્રવ્યો ધારણામાં લીધા છે એવો અજ્ઞાની, જાણવા લાયક છ દ્રવ્યો પર તરીકે છે છતાં તેને મારા માનીને શુદ્ધ ચૈતન્યસ્વરૂપ ભગવાન આત્માને ભૂલીને ત્યાં રોકાઈ ગયો છે.

મનનાં વિષયરૂપ ધર્માસ્તિ, અધર્માસ્તિ આદિને પોતાના માનીને શુદ્ધ ચૈતન્યરૂપ ભગવાન આત્મા ત્યાં રોકાઈ ગયો ને ઇન્દ્રિયના વિષયભૂત જે રૂપી પદાર્થો ત્યાં કેવળ બોધ ( –જ્ઞાન ) ઢંકાઈ ગયો.

મૃતક કલેવર વડે એટલે કે આ શરીર અત્યારે જ મૃતક કલેવર છે. તેની સંભાળ આડે અમૃતસ્વરૂપ અમૃતસાગર વિજ્ઞાનઘન મૂર્છિત થઈ ગયો છે. પ્રભુ! તું અમૃતનો સાગર છો, અતીન્દ્રિય આનંદનો સાગર વિજ્ઞાનઘન પ્રભુ છો, પણ મૃતક કલેવર શરીરને શણગારવામાં, સાચવવામાં ને દેખાવ કરવામાં, પરમ અમૃતસ્વરૂપ ભગવાન એ મડદામાં મૂર્છાઈ ગયો. આહાહા! આ તે કેવી વિચિત્રતા! અમૃતસ્વરૂપ ભગવાન આત્મા મૃતક કલેવરમાં ક્યાં મૂર્છાઈ ગયો?

અરૂપી ભગવાન આત્મા રૂપી જડ શરીરને કેમ અડે? અરે! અરૂપી ભગવાન આત્મા બીજા અરૂપીને પણ ન અડે તો આ રૂપી મડદાને કેમ અડે? છતાં અમૃતસ્વરૂપ ભગવાન આત્માના ભાન વિના મૃતક કલેવર વડે મૂર્છિત થયો હોવાથી પરદ્રવ્યને મારા માનતો થકો–ભલે પરદ્રવ્યનું કાંઈ કરી શકે નહિ પણ પરદ્રવ્યને મારા માનતો થકો એ રાગાદિ વિકલ્પનો કર્તા પ્રતિભાસે છે.

આ આત્મા અજ્ઞાનને લીધે, જે ક્રોધાદિ ભાવો છે તે ભાવકકર્મનું ભાવ્ય છે પણ ભગવાન આત્માનું એ ભાવ્ય નથી, છતાં અજ્ઞાની ક્રોધાદિ ભાવ્યને ચેતન ભાવક સાથે એકરૂપ માને છે. ચેતન ભાવકનું ભાવ્ય જુદું હોય, ક્રોધાદિ ન હોય, છતાં કર્મરૂપ અચેતનનું જે ભાવ્ય ક્રોધાદિ તેને અજ્ઞાની પોતામાં એકરૂપ કરે છે. ચેતન ભાવકનું ભાવ્ય તો સમ્યગ્દર્શન છે, પણ ચેતન ભાવકને અજ્ઞાનીએ જાણ્યો નથી, તેથી ચેતન ભાવકનું ભાવ્ય તો તેને આવ્યું નથી, તેથી અચેતન કર્મરૂપ ભાવકનું ભાવ્ય જે વિકારી ભાવ તે મારા છે એમ માનીને અજ્ઞાની તેનો કર્તા ભાસે છે. વળી પરજ્ઞેય જે ધર્માસ્તિ આદિ છ દ્રવ્યો જાણવા લાયક છે તેને જ્ઞાયક સાથે એકરૂપ માને છે. તેથી રાગાદિરૂપ સવિકારનો તથા સોપાધિક ભાવનો અજ્ઞાની કર્તા પ્રતિભાસે છે.

–એ રીતે કર્તાપણાનું મૂળ અજ્ઞાન છે એમ સિદ્ધ થયું.


–: નયા પ્રકાશન :–

૧. પદ્મનંદિપંચવિંશતિકા ગુજરાતી ૮–૦૦
૨. આત્મસિદ્ધિ શાસ્ત્ર પર પ્રવચન ૮–૦૦
૩. અધ્યાત્મ સંદેશ ગુજરાતી ૫–૫૦
૪. પૂજાસંગ્રહ ગુજરાતી ૪–૦૦
૫. મહાવીર ભજન પૂજન–સંગ્રહ ૧–૦૦
૬. ભગવાન પારસનાથ હિન્દી ૧–૨૫

# વિષયોની રુચિવાળાને દુઃખ સ્વાભાવિક જ છે

જેમને ઇન્દ્રિયો હયાત છે એટલે કે જેમને ઇન્દ્રિયોના વિષયમાં રસ છે તેમને અતીન્દ્રિય આનંદસ્વરૂપ આત્માનો આનંદભાવ મરેલો હોવાથી તેઓને દુઃખ સ્વાભાવિક જ છે. જેને ઇન્દ્રિયો જીવતી છે તેને આત્માના પ્રાણ હણાયેલા છે. જેને ચૈતન્યના આનંદ–પ્રાણની દ્રષ્ટિ નથી એવા અજ્ઞાનીઓ મરેલા છે, જીવતા મડદા છે. તેઓ અસહ્ય તુષ્ણારૂપી દાહને લીધે મરણ પર્યંત ક્ષણિક ઇન્દ્રિય વિષયોમાં ઝંપલાવે છે. જો તેઓને સ્વભાવથી જ દુઃખ ન હોય તો વિષયવ્યાપાર જ જોવામાં ન આવે, માટે જેઓને વિષયોમાં રુચિ છે તેઓને દુઃખ સ્વાભાવિક જ છે.

[ શ્રી પ્રવચનસાર ગાથા ૬૪ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનમાંથી ]

જ્યાં સુધી વિષયોમાં રુચિ છે, સુખબુદ્ધિ રહે છે ત્યાં સુધી તેમને સ્વભાવથી જ દુઃખ છે એમ ન્યાયથી સમજાવે છેઃ–

**વિષયો વિષે રતિ જેમને, દુઃખ છે સ્વભાવિક તેમને;**
**જો તે ન હોય સ્વભાવ તો વ્યાપાર નહિ વિષયો વિષે. ૬૪.**

જેમને નિકૃષ્ટ–નિંદ્ય ઇન્દ્રિયો જીવતી–હયાત છે એટલે કે જેમને પાંચ–ઇન્દ્રિયોમાં પ્રેમ છે તેમને ઇન્દ્રિયો જીવતી હોવાથી તેમને દુઃખ સ્વાભાવિક જ છે. જેમને જડ–ઇન્દ્રિયોમાં પ્રેમ છે તેમને સ્વાભાવિક જ દુઃખ છે. સંયોગના કારણે સુખ–દુઃખ નથી પણ ઇન્દ્રિય તરફના પ્રેમને લીધે દુઃખી છે. ભગવાન આત્મા તો ભાવ–ઇન્દ્રિય ને જડ–ઇન્દ્રિયથી ભિન્ન છે પણ એનું જેને ભાન નથી ને જે ઇન્દ્રિયના પ્રેમમાં પડયો છે તે સ્વાભાવિક દુઃખી જ છે. પ્રતિકૂળ સંયોગના લઈને દુઃખી છે એમ નથી પણ પરનો પ્રેમ છે એ જ દુઃખી છે. વેપારનો પ્રેમ છે એ પ્રેમ જ દુઃખ છે. અનુકૂળ સંયોગ એ સુખ નથી પણ અનુકૂળ સંયોગ પ્રત્યે પ્રેમ છે એ જ દુઃખ છે ને પ્રતિકૂળ સંયોગ દુઃખ નથી પણ તેના પ્રત્યેનો દ્વેષ છે એ જ દુઃખ છે. પાંચ–ઇન્દ્રિયો પ્રત્યે પ્રેમ છે એ

જ દુઃખ છે. જડ–ઇન્દ્રિય ને ભાવ–ઇન્દ્રિય તથા તેના વિષય પ્રત્યેનો જે પ્રેમ છે એ જ દુઃખ છે.

હાથી છે તે હાથણીરૂપી કૂટણીના શરીર સ્પર્શ તરફ, માછલી કાંટામાં રાખેલ ખાવાની વસ્તુના સ્વાદ તરફ, ભમરો બંધ થવાની તૈયારી વાળા કમળની સુગંધ તરફ, પતંગિયુ દીપકની જ્યોતના રૂપ તરફ અને હરણ શિકારીના સંગીતના સ્વર તરફ ધસી જાય છે ને દુઃખી થાય છે–મરણ પામે છે. જો એક એક વિષયની વૃદ્ધિમાં પડેલા જીવ દુઃખી છે તો પાંચ ઇન્દ્રિયના પ્રેમમાં પડેલા જીવો તો મહા દુઃખી જ છે.

જો કે ઇનદ્રિય વિષયો ક્ષણિક છે તોપણ ઇન્દ્રિયવેદનાને વશીભૂત થઈને તે તરફ ધસતાં જોવામાં આવે છે. જો તેમને દુઃખ સ્વાભાવિક જ છે એમ ન માનવામાં આવે તો જેને ટાઢિયો તાવ ઊતરી ગયો હોય તે પરસેવો વળે એવો ઉપચાર કરતો જોવામાં આવતો નથી, જેને દાહજ્વર ઊતરી ગયો હોય તે કાંજીથી શરીર ઝારતો જોવામાં આવતો નથી, આંખનો દુઃખાવો નિવૃત્ત થયો હોય તે શંખ વગેરેનું ચૂર્ણ આંજતો જોવામાં આવતો નથી, કાનનું શૂળ નષ્ટ થયું હોય તે બકરાનું મૂત્ર નાખતો જોવામાં આવતો નથી તથા ઘા રુઝાઈ ગયો હોય તે લેપ કરતો જોવામાં આવતો નથી. તેમ તેને વિષયની વાસના–વિષય વ્યાપાર જોવામાં ન આવવો જોઈએ. પરંતુ તેને વિષય વ્યાપાર જોવામાં આવે છે. તેથી એમ સિદ્ધ થયું કે જેને ઇન્દ્રિય તરફનો પ્રેમ છે તેને તો દુઃખ સ્વાભાવિક જ છે. તેથી જેને ઇન્દ્રિયમાં પ્રેમ છે એ સ્વાભાવિક દુઃખી જ છે, પ્રતિકૂળ સંયોગ વિના પણ પાંચ ઇન્દ્રિયમાં વિષયોમાં રતિ છે એ સહજ દુઃખી છે. અજ્ઞાની જેને પૈસાવાળા ને સુખી કહે છે તેને ભગવાન દુઃખી કહે છે.

જેને પ્રત્યક્ષ એવું આત્મજ્ઞાન નથી એવા પરોક્ષજ્ઞાનવાળાઓને સ્વભાવથી જ દુઃખ છે. કેમ કે તેને પાંચ ઇન્દ્રિયના વિષયો પ્રત્યે રતિ છે–પ્રેમ છે ને ભગવાન આત્મા તરફ દ્વેષ છે. જેને વિષય તરફ પ્રેમ છે તેને આત્મા પ્રત્યે દ્વેષ છે. જેમ પતંગિયુ મરણ સુધીનું જોખમ વહોરીને પણ દીપકમાં ઝંપલાવે છે તેમ તુષ્ણારૂપી દાહને લીધે મરણ સુધીનું જોખમ ખેડીને વિષયનું સેવન કરે છે, ઇન્દ્રિયવિષયોમાં ઝંપલાવે છે.

ધર્મીને પણ રાગ આવે છે પણ તેમાં સુખબુદ્ધિ નથી હોતી, હેયબુદ્ધિ હોય છે કે અરે, આ રાગ ક્યાં આવ્યો! અજ્ઞાની દુઃખને સુખ માનીને ઇન્દ્રિયવિષયમાં ઝંપલાવે છે. મરણની પરવા કર્યા વગર અજ્ઞાની ઇન્દ્રિયવિષયમાં ઝંપલાવે છે. જો તેમને દુઃખ સ્વાભાવિક ન હોય તો તે વિષયોમાં પ્રેમ કેમ કરે? જો તેમને સ્વાભાવિક દુઃખ ન હોય તો મરણની પણ પરવા કર્યા વિના વિષયોમાં કેમ ઝંપલાવે? માટે તેને દુઃખ સ્વાભાવિક જ છે.

# પુણ્યમાં દુઃખના બીજનો વિજય

શુભભાવની હોંશ-મીઠાશ ઉડાડી દે એવી આ વાત છે. દયા-દાન-વ્રત-ભક્તિ એ શુભરાગ છે, તેના ફળમાં પુણ્ય ફળશે. એ પુણ્ય દુઃખના બીજનો હેતુ છે. શુભભાવ વખતે જ જેણે શુભભાવને ઉપાદેય માન્યો છે તેને ભગવાન આત્માને હેય માન્યો છે તેથી તેના ફળમાં ભલે દેવો સુધીનું પદ પામે પણ સામગ્રીના સંયોગમાં તેને તૃષ્ણા ફાલી નીકળશે. પુણ્ય એ તો તૃષ્ણાનું અબાધિત-નિર્વિઘ્ન રહેઠાણ છે.

વળી પુણ્યમાં દુઃખનો વિજય છે ને અતીન્દ્રિય આનંદની હાર છે. દયા-દાન-વ્રત-ભક્તિ-ઉપવાસ એ તો શુભભાવ છે, શુભભાવ એ તો દુઃખના વિજયની જાહેરાત છે. અમૃતસ્વરૂપ ભગવાન તરફ ઝૂકાવ નથી એવા સમસ્ત સંસારીઓને વ્યક્ત કે અવ્યક્તપણે વિષયતૃષ્ણા વર્તે જ છે, તેથી એ વિષયતૃષ્ણારૂપી બીજ અંકુરરૂપ થઈ દુઃખવૃક્ષરૂપે ફાલે છે. માટે પુણ્યો દુઃખનાં જ સાધન છે.

[ શ્રી પ્રવચનસાર ગાથા ૭૪, ૭૫ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનમાંથી ]

પુણ્યો તૃષ્ણનું અબાધિત ઘર છે એમ બતાવે છેઃ

**પરિણામજન્ય અનેકવિધ જો પુણ્યનું અસ્તિત્વ છે,**
**તો પુણ્ય એ દેવાન્ત જીવને વિષયતૃષ્ણોદ્ભવ કરે. ૭૪.**

પુણ્યની હયાતી છે એમ જોવામાં આવે છે એમ આગળની ગાથામાં કહીને હવે કહે છે કે એ પુણ્યો દુઃખના બીજના હેતુ છે, એમાં ક્યાંય સુખ નથી, પુણ્યના ફળમાં તૃષ્ણા ફાટશે-એમ ન્યાયથી પ્રગટ કરે છે.

દયા-દાન-વ્રત-ભક્તિ-પૂજા એ શુભરાગ છે, પરાશ્રિતભાવ છે ને એના ફળ તરીકે પુણ્ય ફળશે ત્યારે તૃષ્ણા ફાટશે કે આ ભોગવું, આ ભોગવું, પુણ્ય નથી એમ નથી,

પુણ્યની હયાતી છે ખરી પણ એ આત્માના શાંત ભાવથી વિપરીત છે. ભગવાન આત્મા અમૃત સ્વરૂપ છે ને તેનાથી વિપરીત એવા શુભાશુભ ભાવ ઝેર છે. પુણ્યના ફળમાં તૃષ્ણા ફાટે છે. શુભભાવથી કાંઈ લાભ ન થાય?–કે શુભના ફળમાં પુણ્ય બંધાય ને તૃષ્ણા ફાટે એ લાભ થાય! પુણ્યના ફળ ફાલે એ ઉકરડો ફાલ્યો છે.

દેવોને જે પુણ્યના ફળ ફળે એમાં એની તૃષ્ણા ફાટે છે. દેવો સુધીના સમસ્ત સંસારીને પૂર્વના પુણ્યોથી જે સામગ્રી મળે તેમાં તૃષ્ણા ફાટશે કે આને આમ કરું, અને તેમ કરું. શુભભાવથી પુણ્ય બંધાણા અને તેના ફળમાં સામગ્રી મળી તેમાં તે જરૂર તૃષ્ણા ઉત્પન્ન કરશે. લૌકિકમાં એટલે કે પાગલોમાં તો પુણ્યની બોલબાલા છે!–એ તો મુર્ખતાની બોલબાલા છે.

શુભભાવનું ફળ પુણ્ય છે ને પુણ્યના ફળમાં સામગ્રી મળશે ને તેને મેળવવા ને ભોગવવા તૃષ્ણા ફાટશે. શુભભાવ વખતે જ તેણે શુભને ઉપાદેય માન્યો છે ને તે જ વખતે સચ્ચિદાનંદથી ભરેલો ભગવાન તેને હેય માન્યા છે. તેથી શુભભાવના ફળમાં ભલે દેવો સુધીનું પદ પામે પણ તેને તે પુણ્યો વિષયતૃષ્ણા જરૂર ઉત્પન્ન કરે છે. જો તૃષ્ણા ન હોય તો જળો દોષિત લોહી પીવા જાય છે તેમ સંસારી જીવોને વિષયોમાં પ્રવૃત્તિ જોવામાં ન આવે, પરંતુ પુણ્યના ફળવાળાને સામગ્રીની તૃષ્ણા જોવામાં આવે છે.

માટે પુણ્યો તૃષ્ણાનું વિઘ્ન વિનાનું ઘર છે–એમ ફલિત થયું. પુણ્ય છે એ તૃષ્ણાનું ઘર છે. ભાઈ! તું પુણ્યના ભાવમાં ડોળાઈ ગયો! શુભભાવના ફળમાં પુણ્ય બંધાણું ને તેના ફળમાં સામગ્રીની તૃષ્ણા ઉત્પન્ન થઈ–એ તૃષ્ણાનું ઘર નિર્વિઘ્ન રહ્યું! અર્થાત્ તૃષ્ણાનું રહેઠાણ અબાધિત રહ્યું. એટલે કે તૃષ્ણા જરીયે નહીં ઘટે! આહાહા! પુણ્યના પ્રેમીઓને તો પરસેવો ઉતરે એવી આ વાત છે.

અનેક પ્રકારના પુણ્યો વિદ્યમાન છે ખરા. જેમ ભગવાન આત્મા વીતરાગ મૂર્તિ અસ્તિ છે એમ પુણ્યો પણ છે, પણ તેઓ સુખના સાધન નથી. શુભભાવથી પુણ્ય બંધાય ને તેના ફળમાં સામગ્રી મળે પણ એ તૃષ્ણાને ઉત્પન્ન કરનાર હોવાથી પુણ્યો દુઃખના બીજરૂપ તૃષ્ણાના જ સાધન છે, ધર્મનું જરીયે સાધન નથી.

હવે પુણ્યમાં દુઃખના બીજનો વિજય જાહેર કરે છે :

**તે ઉદિતતૃષ્ણ જીવો, દુઃખિત તૃષ્ણાથી, વિષયિક સુખને,**
**ઈચ્છે અને આમરણ દુઃખસંતપ્ત તેને ભોગવે. ૭૫.**

વળી પુણ્યમાં દુઃખનો વિજય છે ને સ્વરૂપના આનંદની હાર છે. જે કોઈ શુભ–

ભાવ છે તેમાં દુઃખના બીજનો વિજય છે. દયા–દાન આદિ શુભભાવ એ દુઃખના બીજનો વિજય છે. એ બીજ ફાલશે ત્યારે દુઃખ ફાલશે–ફાટશે. દયા–દાન–વ્રત–ઉપવાસ એ શુભભાવ છે ને એ શુભભાવમાં દુઃખના બીજના વિજયની જાહેરાત છે. આત્માના આનંદનો તેમાં વિજય નથી.

કરોડપતિ હો કે અબજોપતિ હો, એ દુઃખનો વિજય જાહેર કરે છે. શુભભાવમાં સચ્ચિદાનંદ પ્રભુની હાર ને દુઃખનો વિજય છે. વ્રત–તપ આદિમાં થતા શુભભાવમાં પુણ્ય બંધાશે ને તેના ફળમાં દુઃખના વિજયની જાહેરાત થશે. શુભભાવના ફળમાં દુઃખરૂપી વૃક્ષ વૃદ્ધિ પામે છે.

શુભભાવની હોંશ ઉડાડી દે એવી આ વાત છે. કલ્યાણમૂર્તિ પ્રભુથી વિરુધ્ધ જે શુભભાવ તેના ફળથી જેમને તૃષ્ણા ઉદિત છે એવા દેવ પર્યંત સમસ્ત સંસારીઓ આમ ધંધો આદિ વિકસાવું ને આમ કરું ને તેમ કરું–એવા પુણ્યજનિત તૃષ્ણા વડે અત્યંત દુઃખી છે. જેમ ઝાંઝવાના જળમાં જળ નથી તેમ ઇન્દ્રિયોના વિષયોમાં સુખ નથી, છતાં વિષયોમાં સુખી છે એમ માનીને સંસારી પ્રાણીઓ વિષયોમાંથી સુખને ઇચ્છે છે અને વિષયની તૃષ્ણાના વેગને–દુઃખની બળતરાને નહિ સહી શકવાથી વિષયોને ભોગવે છે.

શુભભાવથી બંધાયેલું પુણ્ય ને તેનાથી મળેલી સામગ્રીના લીધે અત્યંત દુઃખી વર્તે છે. કરોડો રૂપિયા હોય પણ તેઓ પુણ્યજનિત તૃષ્ણા વડે દુઃખી વર્તે છે. તેથી પુણ્યજનિત તૃષ્ણા વડે દુઃખી હોવાથી,–જેમ ઝાંઝવાના જળમાંથી જળ પ્રાપ્ત થતું નથી તેમ વિષયોમાંથી સુખ પ્રાપ્ત થતું નથી છતાં વિષયોમાંથી સુખને ઇચ્છે છે અને દુઃખના સંતાપના વેગને એટલે કે દુઃખની બળતરાને નહીં સહી શકવાથી વિષયોને ભોગવે છે. ક્યાં સુધી વિષયોને ભોગવે છે ?–કે વિનાશ પામે ત્યાં સુધી અર્થાત્ મરણ પામે ત્યાં સુધી વિષયોને ભોગવે છે. દુઃખના સંતાપના વેગને નહીં સહી શકવાથી મરણ પર્યંત વિષયોને ભોગવે છે. કોની જેમ ?–કે જળોની જેમ ભોગવે છે. જેમ જળો પેટ ફાટી જાય ત્યાં સુધી દુષિત લોહી ચુસે છે તેમ દુઃખના સંતાપને નહીં સહી શકવાથી મરણ દેખે ત્યાં સુધી આબરૂ–ભોગ વિષયોને ભોગવે છે. એ જળોની માફક પુણ્યશાળીઓ પણ પાપશાળીઓની માફક તૃષ્ણાના વેગમાં મરણ પામે ત્યાં સુધી તૃષ્ણા છોડતા નથી. પુણ્યના ફળ જ એવા છે કે જેમાં તૃષ્ણા ને દુઃખ જ હોય. ભગવાન આનંદકંદ પ્રભુ છે તેના વિશ્વાસને લઈને જ્ઞાની સુખી છે, તેને રાગ આવે પણ તૃષ્ણાના વેગમાં તણાઈ ન જાય, તેમાં એકમેક ન થઈ જાય. જ્ઞાનધારા અને રાગધારા ભિન્ન વર્તે છે. અજ્ઞાનીને તો એકલી રાગધારા છે તેથી તે તૃષ્ણાના વેગમાં તણાઈને મરણ પર્યંત, તૃષ્ણા જેનું બીજ છે એવા વિજય પામતાં દુઃખાકુંર વડે ક્રમશઃ આક્રાંત થતાં હોવાથી, વિષયોને

ઇચ્છતા અને ભોગવતા થકા ક્લેશ પામે છે. આથી પુણ્યો સુખના આભાસરૂપ દુઃખના જ સાધન છે, ધર્મનું તે સાધન નથી. જેમ પાપ દુઃખના સાધન છે તેમ પુણ્યો દુઃખના જ સાધન છે, બેમાં કાંઈ ભેદ નથી. તેથી આગળ ૭૭ મી ગાથામાં કહ્યું છે કે જે પુણ્ય અને પાપમાં જરીયે ભેદ માનશે કે પાપ કરતાં પુણ્ય કાંઈક સારા છે, તે મિથ્યાદ્રષ્ટિ ઘોર સંસારમા–નરક નિગોદમાં રખડશે.

અમૃતસ્વરૂપ ભગવાન તરફ ઝૂકાવ નથી ને અમૃતનો આસ્વાદ નથી એવા સમસ્ત સંસારીઓને વ્યક્ત કે અવ્યક્તપણે વિષયતૃષ્ણા વર્તે જ છે. આત્માના અતીન્દ્રિય આનંદની તૃપ્તિ નથી તેણે બાહ્યમાં ગમે તેટલો ત્યાગ કર્યો હોય કે પંચમહાવ્રતાદિ પાળતો હોય પણ તેને સૂક્ષ્મપણે વ્યક્ત કે અવ્યક્તપણે વિષયતૃષ્ણા વર્તે જ છે. અંતઃતત્ત્વની તૃપ્તિ નથી, તે તરફનો ઝૂકાવ નથી ત્યાં બાહ્ય–પર તરફના વલણવાળી પરદ્રવ્યની તૃષ્ણા વર્તે જ છે. એ તૃષ્ણારૂપી બીજ અંકુરરૂપ થઈ દુઃખવૃક્ષરૂપે વૃદ્ધિ પામે છે અને એ દુઃખ–દાહ્યનો વેગ અસહ્ય થતાં વિષયોમાં પ્રવૃત્તિ થાય છે. માટે વિષયોમાં પ્રવૃત્તિ જોવામાં આવે છે એવા દેવો સુધીના સમસ્ત સંસારીઓ દુઃખી જ છે.

આ રીતે દુઃખભાવ જ પુણ્યને–પુણ્યજનિત સામગ્રીને–અવલંબતો હોવાથી પુણ્યો દુઃખનાં જ સાધન છે.

## ❀ સ્વઘરમાં વસતા જ્ઞાની ❀

* જેને ચૈતન્યનું ઘર મળ્યું નથી તેને બહાર ઊભા ઊભા બહારની ચીજો જોતા ધમાલ ને અશાંતિ રહે છે. જેમ હોળીમાં બહાર નીકળે તેને માણસો પકડી પકડીને કાળી મેશ, રંગ આદિથી મોઢા રંગી–બગાડી હેરાન કરે છે, પણ તે પ્રસંગને જે પોતાના ઘરમાં ઊભો ઊભો દેખે છે છતાં તેને ધમાલ કે અશાંતિ કાંઈ થતું નથી, શાંતિ રહે છે. આફ્રીકાના જંગલમાં સેંકડો સિંહના ટોળા હોય છે પણ લોખંડના સરીયાવાળી મોટરમાં બેઠેલા માણસોને તે સિંહનો ભય લાગતો નથી, નિર્ભયતાથી બેસી રહે છે. તેમ સમ્યગ્દ્રષ્ટિ જીવને સ્વઘર મળી ગયું છે, તેમાં રહીને બહારની ધમાલને દેખે છે, છતાં શાંતિ રહે છે. ઉપયોગ બહાર અનેક પ્રકારના પ્રસંગમાં જાય છે તોપણ તેને જાણતાં અશાંતિ થતી નથી, શાંતિ રહે છે, કેમ કે સ્વઘરમાં બેઠો છે ને !

# ક્રમબદ્ધ પર્યાય : એક અનુશીલન

[ ગતાંકથી ચાલુ ]

નિયમસારની ૧૫૯ થી ૧૬૯ સુધીની ગાથાઓ અને તેમની સંસ્કૃત ટીકા જો એકવાર સારી રીતે જોઈ લે તો બધી વાત સહેજે સ્પષ્ટ થઈ જાય છે. ઉક્ત સંપૂર્ણ પ્રકરણ ભગવાનની સર્વજ્ઞતા સિદ્ધ કરનારું જ છે. વિસ્તારભયથી તે બધું અહીં આપવું શક્ય નથી. જિજ્ઞાસુ પાઠકોને ઉક્ત પ્રકરણનું ઊંડાણથી મંથન કરવાનો સાનુરોધ આગ્રહ છે.

શ્રી જયસેનાચાર્ય પ્રવચનસાર ગાથા ૩૯ની તાત્પર્યવૃત્તિ નામક ટીકામાં લખે છે :–

“જેવી રીતે કેવળી ભગવાન પરકીય દ્રવ્ય–પર્યાયોને જોકે પરિચ્છિત્તિ માત્ર રૂપે જાણે છે તોપણ નિશ્ચયનયથી સહજાનન્દરૂપ એકસ્વભાવી શુદ્ધાત્મામાં જ તન્મય થઈને પરિચ્છિત્તિ કરે છે; તેવી જ રીતે નિર્મળ વિવેકીજનો પણ જોકે વ્યવહારથી પરકીય દ્રવ્ય –ગુણ–પર્યાયોનું જ્ઞાન કરે છે, પરંતુ નિશ્ચયથી નિર્વિકાર સ્વસંવેદન પર્યાયમાં જ તદ્વિષયક પર્યાયનું જ જ્ઞાન કરે છે.”

ઉક્ત કથન અનુસાર જે અપેક્ષાએ કેવળી ભગવાન માત્ર પોતાને જાણે છે, પરને નહીં; તે અપેક્ષાએ અર્થાત્ નિશ્ચયનયથી તો સમ્યગ્દ્રષ્ટિ પણ માત્ર પોતાને જ જાણે છે, પરને નહિ. તેથી જો આપ સર્વજ્ઞનું પરનું જાણવું અસત્ય માનશો તો પછી સમ્યગ્દ્રષ્ટિ જ્ઞાનીનું પણ પરને જાણવું અસત્ય માનવું પડશે; કે જે પ્રત્યક્ષ સિદ્ધ છે. આશા છે કે જ્ઞાનીઓનું પરને જાણવું આપને પણ અસ્વીકાર્ય નહિ હોય.

બીજાું કેવળી ભગવાન પોતાને તન્મય થઈને જાણે છે; પરંતુ પરને જાણે તો છે, પણ તેમનામાં તેઓ તન્મય નથી થતા. આ કારણે પણ તેમનું પરને જાણવાનું વ્યવહાર કહેવાય છે.

પરમાત્મપ્રકાશ અધ્યાય ૧, ગાથા ૫૨ ની ટીકામાં એની ચર્ચા અત્યંત સ્પષ્ટ છેઃ–

“ **પ્રશ્ન** :–જો કેવળી ભગવાન વ્યવહારનયથી લોકાલોકને જાણે છે તો વ્યવહારનયથી જ તેમને સર્વજ્ઞત્વ પણ હો પરંતુ નિશ્ચયનયથી નહિ?

**ઉત્તર** :–જેવી રીતે તન્મય થઈને સ્વકીય આત્માને જાણે છે તેવી જ રીતે પરદ્રવ્યને તન્મય થઈને નથી જાણતા, એ કારણે વ્યવહાર કહેવામાં આવેલ છે, નહિ કે તેમના પરિજ્ઞાનનો જ અભાવ હોવાના કારણે. જો સ્વદ્રવ્યની જેમ પરદ્રવ્યને પણ નિશ્ચયથી તન્મય થઈને જાણે તો પરકીય સુખ અને દુઃખને જાણવાથી સ્વયં સુખી–

દુઃખી અને પરકીય રાગ–દ્વેષને જાણવાથી સ્વયં રાગી–દ્વેષી થઈ ગયા હોત અને આ રીતે મહાન દોષ પ્રાપ્ત થાત.”

તાર્કિકચક્રચુડામણિ શ્રી સમન્તભદ્ર આચાર્ય રત્નકરંડ શ્રાવકાચારના મંગળાચરણમાં શ્રી વર્દ્ધમાન ભગવાનના કેવળજ્ઞાનમાં અલોકાકાશ સહિત ત્રણે લોકના સમસ્ત પદાર્થોનાં સ્પષ્ટ ઝળકવાની ચર્ચા આ રીતે કરે છે :–

“જેમના કેવળજ્ઞાનરૂપી દર્પણમાં અલોકાકાશ સહિત ત્રણે લોક ઝળકે છે અને જેમણે જ્ઞાનાવરણાદિ પાપરૂપી મેલ ધોઈ નાખ્યો છે, તે વર્દ્ધમાન ભગવાનને નમસ્કાર હો.”

આ રીતે જૈનદર્શનના સર્વમાન્ય દિગ્ગજ આચાર્ય શ્રી કુન્દકુન્દ, કાર્તિકેય, સમન્તભદ્ર, ઉમાસ્વામી, પૂજ્યપાદ, વીરસેન, અમૃતચન્દ્ર, રવિષેણ આદિ અનેક આચાર્યોના પ્રબળ પ્રમાણોથી સર્વજ્ઞતા અને ત્રિકાળજ્ઞતા સહજ સિદ્ધ છે.

ઉપરોક્ત અનેક પ્રમાણો આપ્યા પછી પણ લોકોનો આગ્રહ રહે છે કે આપ અમને સ્પષ્ટરૂપે બતાવો કે ક્રમબદ્ધ પર્યાયની વાત કયા શાસ્ત્રમાં છે? પણ મારું કહેવાનું છે કે એવું કયું શાસ્ત્ર છે કે જેમાં ક્રમબદ્ધપર્યાયની વાત નથી? ચારેય અનુયોગોના શાસ્ત્રોમાં ત્યાંસુધી કે પૂજનપાઠમાં પણ ડગલે ને પગલે ક્રમબદ્ધપર્યાયનો સ્વર ગુંજતો સંભળાય છે.

“ભામંડલકી દ્યુતિ જગમગાત, ભવિ દેખત નિજ–ભવ સાત–સાત”[1]

તીર્થંકર ભગવાનના પ્રભામંડળમાં ભવ્ય જીવને પોત–પોતાના સાત–સાત ભવ દેખાય છે. તે સાત ભવોમાં ત્રણ ભૂતકાળના, ત્રણ ભવિષ્યના અને એક વર્તમાન ભવ દેખાય છે. એ પ્રમાણે પ્રત્યેક ભવ્યના ઓછામાં ઓછા ભવિષ્યના ત્રણ ભવ તો નિશ્ચિત રહે જ છે, નહિ તો તે દેખાત કેવી રીતે? ત્રણ ભવનું આયુષ્ય એક સાથે બંધાઈ શકતું નથી. તેથી એમ પણ નથી કહી શકાતું કે આયુષ્ય કર્મ બંધાઈ જવાથી ભવ નિશ્ચિત થઈ ગયા હતા. આથી એ જ નિષ્કર્ષ નીકળે છે તે પહેલેથી જ નિશ્ચિત રહે છે, થતા નથી.

પ્રથમાનુયોગના સર્વ શાસ્ત્રો ભવિષ્યની નિશ્ચિત ઘોષણાઓથી ભર્યા પડયા છે.

ભગવાન નેમિનાથે દ્વારકા બળવાની ઘોષણા બાર વર્ષ પહેલા કરી દીધી હતી. સાથોસાથ એ પણ સ્પષ્ટ કરી દીધું હતું કે કયા નિમિત્તે, કેવી રીતે અને ક્યારે, આ બધું બનશે. અનેક ઉપાયો પછી પણ તે બધું તે જ રૂપે બન્યું.

હા, એક વાત જરૂર છે કે સાંભળનાર લોકોમાં ઉક્ત વાતની પ્રતિક્રિયા પોત–

૧. કવિવર વૃન્દાવનકૃત ચન્દ્રપ્રભ પૂજન, જયમાળ.

પોતાના ભવિતવ્ય પ્રમાણે ભિન્ન–ભિન્ન થઈ. જેમનું ભવિષ્ય સારૂં હતું, તેમને તે વાત સાંભળીને વૈરાગ્ય થઈ ગયો. ઘણાએ નગ્ન દિગંબર દીક્ષા ધારણ કરી લીધી, અનેકોએ અણુવ્રત ધારણ કર્યા, અનેક સમ્યક્ત્વી બન્યા; પણ જેમની અધોગતિ થવાની હતી, તેમને ભગવાનની વાત ટાળવાનો વિકલ્પ આવ્યો. તેઓ એ પ્રયત્નમાં લાગી ગયા કે જોઈએ કે દ્વારિકા કેવી રીતે બળે છે? તેમણે પોતાનો બધો પુરુષાર્થ જાણે ભગવાનની વાતને જૂઠી સિદ્ધ કરવામાં જ લગાડી દીધો. પણ ભગવાને તો જેવું જોયું–જાણ્યું હતું, તેવું કહી દીધું હતું; તેઓ એના કર્તા હર્તા તો હતા નહિ.

ભગવાનની વાણીમાં તો દ્વારકા બળવાના ઉપાદાનની સાથોસાથ નિમિત્તોનો પણ સ્પષ્ટ ઉલ્લેખ હતો, પણ નિમિત્તાધીન દ્રષ્ટિવાળાઓનું ધ્યાન ઉપાદાન તરફ તો ગયું જ નહીં, તેઓ તો નિમિત્તોને ખસેડવામાં લાગી ગયા અને પોતાની દ્રષ્ટિમાં નિમિત્તોને ખસેડીને પોતાને સુરક્ષિત પણ સમજવા લાગ્યા પણ.........

નિમિત્તાધીન દ્રષ્ટિવાળાઓને ભગવાનની સર્વજ્ઞતા ઉપર પૂરો ભરોસો હોતો નથી, તેમની દ્રષ્ટિ ચંચળ બની રહે છે. એમ વાત નથી કે તેમને ભગવાનની વાત ઉપર વિશ્વાસ જ નહોતો, જો વિશ્વાસ ન હોત, તો પછી તેઓ ડરત શા માટે? ગભરાત શાથી? તેને મટાડવાનો અસફળ પ્રયત્ન જ કેમ કરત? તેમને વિશ્વાસ તો હતો, પણ પાકો વિશ્વાસ નહોતો; ભરોસો હતો, પણ પૂરો ભરોસો નહોતો. એમ જ ડગમગતી શ્રદ્ધા હતી. જેમનું ભાવિ ખોટું હોય છે, તેમની શ્રદ્ધા સર્વજ્ઞ ઉપર પણ નથી ટકતી. જેમનો સંસાર અલ્પ રહી જાય છે તેમને જ સર્વજ્ઞતા સમજવામાં આવે છે.

આદિનાથ ભગવાને મારીચિના વિષયમાં એક ક્રોડાક્રોડી સાગર સુધી ક્યારે શું બનવાનું છે–એ બધું જ બતાવી દીધું હતું. શું આપ તેની સત્યતામાં શંકિત છો? શું તે બધું પહેલાથી નિશ્ચિત નહોતું? અસંખ્ય ભવ પહેલા એ બતાવી દેવામાં આવ્યું હતું કે તેઓ ચોવીસમા તીર્થંકર થશે. ત્યારે તો તેમને તીર્થંકર પ્રકૃતિનો બંધ પણ થયો નહોતો. કારણ કે તીર્થંકર પ્રકૃતિ બંધાઈ જવા પછી અસંખ્ય ભવ નથી થઈ શકતા. તીર્થંકર પ્રકૃતિને બાંધનાર તો તે જ ભવમાં, અથવા ત્રીજા કે ચોથા ભવમાં અવશ્ય મુક્તિ પ્રાપ્ત કરી લે છે. તેથી એમ પણ નથી કહી શકાતું કે કર્મ બંધાઈ જવાથી તેમનું એટલું ભવિષ્ય નિશ્ચિત થઈ ગયું હતું. આ બધું તો એજ સિદ્ધ કરે છે કે આદિનાથના સમયથી જ એ નિશ્ચિત હતું કે તેઓ ચોવીસમા તીર્થંકર થશે. જો ચોવીસમા તીર્થંકર થવાનું નિશ્ચિત હતું તો પછી વચ્ચેના ભવ પણ નિશ્ચિત જ હતા. નિશ્ચિત હતા–ત્યારે તો જાણી શકાયા અને બતાવી પણ શકાયા.

તિલોયપણ્ણતિ, અધિકાર ૪, શ્લોક ૧૦૦૨ થી ૧૦૧૬ સુધી અષ્ટાંગ નિમિત્તજ્ઞાન દ્વારા ભવિષ્ય જણાવાનો સ્પષ્ટ ઉલ્લેખ છે. શ્રી ભદ્રબાહુ આચાર્યે નિમિત્તજ્ઞાનના આધારે ઉત્તર ભારતમાં બાર વર્ષના દુષ્કાળની ઘોષણા કરી હતી, જે પૂરેપૂરી સત્ય ઠરી. સમ્રાટ ચન્દ્રગુપ્તને સ્વપ્ન આવ્યા હતા, જેના આધારે પણ ભવિષ્યની ઘોષણાઓ કરવામાં આવી હતી.

તથા શું કરણાનુયોગમાં એ નથી લખ્યું કે છ મહિના અને આઠ સમયમાં છસો અને આઠ જીવ નિગોદમાંથી નીકળશે અને એટલા જ સમયમાં એટલા જ જીવ મોક્ષે પણ જશે. શું એથી અધિક જીવ નિગોદમાંથી નીકળી શકે છે અથવા મોક્ષમાં જઈ શકે છે? શું એ નિશ્ચિત નથી? છે, તો પછી શું એનાથી વસ્તુની સ્વતંત્રતા ખંડિત નથી થતી? એટલા જ જીવ મોક્ષમાં કેમ જાય? એથી વધારે કેમ નહિ?

કરણાનુયોગમાં ચારગતિના જીવોની નિશ્ચિત સંખ્યા લખેલી છે અને તે કદી વધતી–ઓછી પણ નથી. જો બધું નિશ્ચિત ન હોય તો પછી જીવોના પાપ–પુણ્યાનુસાર નારકીઓ અને દેવોની સંખ્યા ન્યૂનાધિક થતી રહેવી જોઈએ.

કરણાનુયોગમાં એ પણ લખ્યું છે કે જીવ નિત્ય નિગોદમાંથી બે હજાર સાગર માટે નીકળે છે–તેમાં પણ બે ઇન્દ્રિયના આટલા, ત્રણ ઇન્દ્રિયના આટલા, ચાર ઇન્દ્રિયના આટલા ભવ ધારણ કરે છે, મનુષ્યના ૪૮ ભવ મળે છે. આ બધું શું છે?

શું આનાથી એ નિષ્કર્ષ નથી નીકળતો કે ચારે ગતિઓના જીવોની સંખ્યા નિશ્ચિત છે અને પ્રત્યેક જીવના ભવ પણ નિશ્ચિત છે તથા તેમનો ક્રમ પણ નિશ્ચિત છે, નહિ તો આખી વ્યવસ્થા કેવી રીતે બને? ક્યાંક તો અધિક ભીડ એકઠી થઈ જાય અને ક્યાંક સ્થાન ખાલી પડયા રહે. પણ એમ નથી થતું.

આનાથી લોકોને લાગે છે કે ધર્મની વાત તો દૂર રહી, શું પુણ્ય–પાપ કરવા એ પણ આપણા હાથમાં નથી? આપણે તો એકદમ બંધાઈ ગયા.

શુભ અને અશુભ ભાવ તો ક્રમશઃ બદલ્યા જ કરે છે. કારણ કે બન્નેમાંથી કોઈનો પણ કાળ અંતર્મુહૂર્તથી વધારે નથી, તેથી પ્રત્યેક અંતર્મુહૂર્તમાં પરિવર્તન અવશ્ય થાય છે. અનંત પ્રયત્ન કરવા છતાં પણ આપ અંતર્મુહૂર્તથી અધિક શુભભાવમાં ટકી શકતા નથી, જો શુદ્ધમાં ન જાવ તો પછી અશુભમાં આવવું અનિવાર્ય છે. આ પરિવર્તન નિગોદમાં પણ થયા કરે છે, ત્યાં પણ શુભભાવ થાય છે; નહિ તો ત્યાંથી જીવ નીકળે જ કેવી રીતે? સંજ્ઞી પંચેન્દ્રિય થવાનું પુણ્ય એકેન્દ્રિયથી લઈને

અસંજ્ઞી પંચેન્દ્રિય સુધીના જીવ અસંજ્ઞી દશામાં જ બાંધે છે.

ભરત ચક્રવર્તીના તે પુત્રોએ–કે જે નિગોદમાંથી નીકળીને એકાદ પર્યાયને વિવક્ષિત કર્યા વિના (વચ્ચે લાવ્યા વિના) સીધા ચક્રવર્તીના પુત્ર થઈને તે જ ભવમાં મોક્ષ ગયા છે;–તેમણે મનુષ્યભવ અને ચક્રવર્તીને ત્યાં ઉત્પન્ન થઈને ચરમ શરીર પ્રાપ્ત કરવાનું પુણ્ય અસંજ્ઞી અવસ્થામાં જ બાંધ્યું હતું. પણ આ બધું સહજ ક્રમે પ્રાપ્ત થયું હતું, શક્ય થયું હતું; ત્યાં બુદ્ધિપૂર્વક કાંઈ પણ પ્રયત્ન કરવામાં આવ્યો નહોતો.

જેમ કે કહ્યું છે :–

**નિત્ય નિગોદ માંહિતૈં કડિકર, નર પરજાય પાય સુખદાની;**
**સમકિત લહિ અન્તર્મુહૂર્તમેં, કેવળ પાય વરી શિવ રાની.**[1]

છતાં પણ હું આપની પાસેથી જ જાણવા ઇચ્છું છું કે આપ કયો પુણ્યભાવ કરવાની સ્વાધીનતા ચાહો છો–તીર્થંકર, ચક્રવર્તી કે ઈન્દ્રાદિ પદ પ્રાપ્ત કરવાનો? જો તીર્થંકર ચોવીસ જ થતા હોય અને તે પણ એક ક્ષેત્રમાં એક સાથે બે નહિ, તો શું બે જીવ એક સાથે તીર્થંકર થવા યોગ્ય પુણ્ય–બંધ કરી શકે છે? આ વાત એક ક્ષેત્રની અપેક્ષાએ કહેવામાં આવી છે. જો આપ કહો કે અઢી દ્વીપમાં તો એક સાથે ૧૭૦ તીર્થંકર થઈ શકે છે, તોપણ મને કોઈ વાંધો નથી. કેમ કે ૧૭૦ જ કેમ ૨૦૦ કેમ નહિ? ૨૦૦ જીવ એક સાથે એવું પુણ્ય કેમ બાંધી શકતા?

ભરતમાં જે આગામી ૨૪ તીર્થંકર થવાના છે તેમના નામોની ઘોષણાઓ જિનાગમમાં થઈ જ ચુકી છે. સાથોસાથ તે જીવોના નામ પણ ઘોષિત થઈ ગયા છે, જે ભાવી તીર્થંકર થવાના છે. તે બધું નિશ્ચિત હતું તેથી તો ઘોષિત થયું છે. શું તેમના સિવાય બીજો કોઈ જીવ તીર્થંકર પ્રકૃતિ બાંધી શકે છે? જો નહીં, તો પછી આપણા બધાની તો ૧૯ ક્રોડા–ક્રોડી સાગર સુધી છૂટી થઈ ગઈ. અને આપ જાણો છો કે આ જીવ નિગોદમાંથી નીકળીને ત્રસ પર્યાયમાં બે હજાર સાગર માટે જ આવે છે. જો આની બચ્ચે મુક્ત ન થયો તો પાછો ત્યાં જ નિગોદમાં ચાલ્યો જવાનો છે. પછી અનંતકાળ સુધી કોઈ ઠેકાણું નથી.

જો આપ કહો– “ભલે ભરતના નહિ; તો ઐરાવતના કે વિદેહના તીર્થંકર થશું.” પણ ભાઈ સાહેબ! જો ભરતના તીર્થંકરોની ઘોષણા થઈ ગઈ, તો વિદેહના તીર્થંકરોની

---

૧ કવિવર ભાગચન્દજી કૃત આધ્યાત્મિક પદ

પણ થઈ જ ગઈ હશે ? અહીંના શાસ્ત્રોમાં અહીંનો ઉલ્લેખ છે, ત્યાંના શાસ્ત્રોમાં ત્યાંનો ઉલ્લેખ હશે ? ભાઈ ! કેવળીના જ્ઞાનમાં તો અનંતકાળ સુધી થનારા તીર્થંકરોની ઘોષણા થઈ ગઈ છે, તેમાં હલ–ચલને કોઈ અવકાશ નથી.

જો કોઈ કહે–તીર્થંકરનું પુણ્ય ભલે ન થાય, તો ચક્રવર્તી જ થઈ જશું. પણ ચક્રવર્તીનાં સ્થાન તો એથી પણ ઓછા છે. એક ક્ષેત્રમાં જેટલા કાળમાં તીર્થંકર ચોવીસ થાય છે, તેટલા જ કાળમાં ચક્રવર્તી તો બાર જ થાય છે. જો તીર્થંકરોનું નિશ્ચિત છે, તો ચક્રવર્તીઓનું પણ નિશ્ચિત હશે. શાસ્ત્રોમાં તો ઉલ્લેખ તેથી નથી મળતો કે કોનો–કોનો ઉલ્લેખ કરીએ. તીર્થંકરોનો ઉલ્લેખ કરીને સામાન્યપણે એ બતાવી દીધું કે બધું નિશ્ચિત છે. એ જ જાણવું જરૂરી પણ છે. એ જાણવું કાંઈ જરૂરી નથી કે કોનું શું થશે ? જો બધાનું ભવિષ્ય બતાવવામાં આવે તો યાદ પણ કોનું કોનું રહે ? દરેકને બીજાનું ભવિષ્ય જાણવામાં રુચિ પણ શી હોય ? બધા પોત–પોતાનું જ જાણવા ઇચ્છે છે.

ભલે તીર્થંકર અને ચક્રવર્તી નહિ તો પુણ્ય કરીને સ્વર્ગે જ ચાલ્યા જશું. પણ ત્યાંય સ્થાન ખાલી હશે, ત્યારે જશો ને ? ત્યાં અકાળ મૃત્યુ તો થતું નથી. જો કોઈ દેવ કે ઇન્દ્ર હમણા હમણા સ્વર્ગે ગયો હશે, તો પછી જ્યાંસુધી તેનું આયુષ્ય પૂરૂં ન થઈ જાય ત્યાંસુધી તે પદને યોગ્ય પુણ્ય કોઈ અન્ય જીવ બાંધી શકતો નથી અને તેમનું આયુષ્ય પણ સાગરોનું હોય છે. સ્વર્ગની તો શી વાત, સ્થાન ખાલી થયા વિના તો નરકમાં પણ જગ્યા મળવાની નથી. આપનું જ્યારનું આરક્ષણ ( –રીઝર્વેશન ) હશે, ત્યારે જ સર્વત્ર સ્થાન મળશે.

જિનવાણીના ઉલ્લેખાનુસાર તો વાત એવી જ છે. એ વાત અલગ છે કે આપ જિનવાણીને જ ન માનો. પણ એથી ય છૂટકારો નહિ મળે. કારણ કે પછી તો આપને ઘણું બધું માનવાનું છોડવું પડશે. પછી ન આપ આદિનાથને માની શકશો, ન મહાવીરને. ચોવીસ તીર્થંકર અને બાર ચક્રવર્તી ને પણ માનવાનું સંભવિત નહિ બને. કારણ કે આ બધું આપે આગમમાંથી વાંચીને તો માન્યું છે. જ્યાં આગમ જ સત્ય ન રહ્યા તો પછી બધું જ સાફ છે. આપે કલ્પના પણ કરી છે કે આપે આગમના આધારે શું શું માની રાખ્યું છે ? જરા વિચાર કરીને જોશો તો પત્તો લાગશે કે પછી સ્વર્ગ–નરક બધું અદ્રશ્ય થશે. એટલું જ રહી જશે જે કાંઈ સામે દેખાઈ રહ્યું છે.

મને વિશ્વાસ છે કે આટલું આગળ વધવા માટે આપ પણ તૈયાર નહિ હો. જો મારી વાતમાં કાંઈ તથ્ય નજરે પડે તો પછી એક વાર ગંભીરતાથી વિચાર કરો.

જ્યારે પોતાને પ્રથમાનુયોગ કે કરણાનુયોગના વિશેષજ્ઞ ગણાવનારા વિદ્વાનો પણ

બધી પર્યાયો ક્રમનિયમિત હોવાનો વિરોધ કરે છે ત્યારે આશ્ચર્ય થયા વિના રહેતું નથી, કેમ કે પ્રથમાનુયોગ અને કરણાનુયોગમાં તો ડગલે ને પગલે એનું પ્રબળ સમર્થન કરવામાં આવ્યું છે.

એ જ રીતે ચરણાનુયોગ અને દ્રવ્યાનુયોગના શાસ્ત્રોમાં પણ સર્વત્ર એની પ્રતિધ્વનિ જોઈ શકાય છે. સમયસાર (આત્મખ્યાતિ) અને કાર્તિકેયાનુપ્રેક્ષાના ઉદ્ધરણ તો અપાઈ જ ગયા છે. પ્રવચનસાર ગાથા ૧૦૨ ની તત્ત્વપ્રદીપિકા ટીકામાં પણ પર્યાયના જન્મક્ષણ અને નાશ–ક્ષણની વાત આવે છે. તેથી પણ આ વાતની પુષ્ટિ થાય છે. તથા તેની જ ગાથા ૯૯ ની ટીકામાં વિસ્તારક્રમની જેમ પ્રવાહક્રમને પણ હારનું દૃષ્ટાન્ત આપીને સ્પષ્ટ કરેલ છે, જે આ રીતે છે :–

“જેમ દ્રવ્યનું વસ્તુત્વ સમગ્રપણે (અખંડપણે) એક હોવા છતાં પણ, વિસ્તારક્રમમાં પ્રવર્તમાન તેના જે સૂક્ષ્મ અંશો છે તે પ્રદેશો છે, એવી જ રીતે દ્રવ્યની વૃત્તિ સમગ્રપણે એક હોવા છતાં પણ, પ્રવાહક્રમમાં પ્રવર્તમાન તેના જે સૂક્ષ્મ અંશો છે તે પરિણામ છે. જેવી રીતે વિસ્તારક્રમનું કારણ પ્રદેશોનો પરસ્પર વ્યતિરેક છે; તેવી જ રીતે પ્રવાહક્રમનું કારણ પરિણામોનો પરસ્પર વ્યતિરેક છે.

જેવી રીતે તે પ્રદેશ પોતાના સ્થાનમાં સ્વ–રૂપે ઉત્પન્ન અને પૂર્વ–રૂપે વિનષ્ટ હોવાથી તથા સર્વત્ર પરસ્પર અનુસ્યૂતિથી રચિત એક વસ્તુત્વદ્વારા અનુત્પન્ન–અવિનષ્ટ હોવાથી ઉત્પત્તિ–સંહાર–ધ્રૌવ્યાત્મક છે; તેવી જ રીતે તે પરિણામ પોતાના અવસરે સ્વ–રૂપે ઉત્પન્ન અને પૂર્વ–રૂપે વિનષ્ટ હોવાથી તથા સર્વત્ર પરસ્પર અનુસ્યૂતિથી રચિત એકપ્રવાહપણા દ્વારા અનુત્પન્ન–અવિનષ્ટ હોવાથી ઉત્પત્તિ–સંહાર–ધ્રૌવ્યાત્મક છે. અને જેવી રીતે વસ્તુનો જે નાનામાં નાનો અંશ પૂર્વ પ્રદેશના વિનાશસ્વરૂપ છે, તે જ (અંશ) તેના પછીના પ્રદેશના ઉત્પાદસ્વરૂપ છે તથા તે જ પરસ્પર અનુસ્યૂતિથી રચિત એક વસ્તુદ્વારા અનુભયસ્વરૂપ છે (અર્થાત્ બેમાંથી એક પણ સ્વરૂપ નથી). એ જ રીતે પ્રવાહનો જે નાનામાં નાનો અંશ પૂર્વ પરિણામના વિનાશસ્વરૂપ છે, તે જ તેના પછીના પરિણામના ઉત્પાદસ્વરૂપ છે તથા તે જ પરસ્પર અનુસ્યૂતિથી રચિત એકપ્રવાહપણા દ્વારા અનુભયસ્વરૂપ છે.

આ રીતે સ્વભાવથી જ ત્રિલક્ષણ પરિણામપદ્ધતિમાં (પરિણામોની પરંપરામાં) પ્રવર્તમાન દ્રવ્ય સ્વભાવનું અતિક્રમણ નથી કરતું તેથી સત્ત્વને ત્રિલક્ષણ જ અનુમોદવું જોઈએ–મોતીઓના હારની જેમ.

જેમ કે–જેણે (અમુક) લંબાઈ ગ્રહણ કરી છે એવા લટકતા મોતીઓના હારમાં, પોત–પોતાના સ્થાનોમાં પ્રગટ થતા સમસ્ત મોતીઓમાં, પછી–પછીના સ્થાનોમાં પછી–પછીના મોતી પ્રગટ થાય છે તેથી અને પહેલા–પહેલાના મોતી પ્રગટ થતા નથી

તેથી, તથા સર્વત્ર પરસ્પર અનુસ્યૂતિનું રચયિતા સૂત્ર અવસ્થિત હોવાથી ત્રિલક્ષણત્વ પ્રસિદ્ધિને પામે છે. એ જ રીતે જેણે નિત્યવૃત્તિ ગ્રહણ કરી છે એવા રચિત (પરિણમિત) દ્રવ્યમાં, પોત-પોતાના અવસરે પ્રગટ થતાં સમસ્ત પરિણામોમાં પછી-પછીના અવસરો પર પછી-પછીના પરિણામ પ્રગટ થાય છે તેથી, અને પહેલા-પહેલાના પરિણામ પ્રગટ નથી થતાં તેથી, તથા સર્વત્ર પરસ્પર અનુસ્યૂતિ રચનાર પ્રવાહ અવસ્થિત હોવાથી ત્રિલક્ષણપણું પ્રસિદ્ધિ પામે છે.

ભાવાર્થ-જેમ દ્રવ્યના વિસ્તારનો નાનામાં નાનો અંશ તે પ્રદેશ છે; તેવી જ રીતે દ્રવ્યના પ્રવાહનો નાનામાં નાનો અંશ તે પરિણામ છે. પ્રત્યેક પરિણામ સ્વ-કાળમાં પોતાના રૂપે ઉત્પન્ન થાય છે, પૂર્વ રૂપે નષ્ટ થાય છે અને સર્વ પરિણામોમાં એકપ્રવાહપણું હોવાથી પ્રત્યેક પરિણામ ઉત્પાદ-વિનાશ રહિત એકરૂપ-ધ્રુવ રહે છે. અને ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યમાં સમય ભેદ નથી, ત્રણેય એક જ સમયમાં છે. એવી રીતે ઉત્પાદ -વ્યય-ધ્રૌવ્યાત્મક પરિણામોની પરંપરામાં દ્રવ્ય સ્વભાવથી જ સદા રહે છે, તેથી દ્રવ્ય સ્વયં પણ, મોતીઓના હારની પેઠે, ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યાત્મક છે.”

ઉક્ત પ્રકરણમાં “સર્વત્ર પરસ્પર અનુસ્યૂતિરચિત એક પ્રવાહ” વાકય કે જે અનેક વાર આવ્યું છે, તે ધ્યાન દેવા યોગ્ય છે. તથા મોતીઓના હારના ઉદાહરણથી એ સ્પષ્ટ છે કે જેવી રીતે હારમાં મોતીઓનું ક્ષેત્ર પોતાના ક્રમમાં નિયમિત છે, તેવી જ રીતે ઝૂલતા હારમાં તેમના પ્રગટવાનો કાળ પણ નિયમિત છે. તેવી રીતે પ્રત્યેક દ્રવ્યમાં જેમ તેમના પ્રદેશ (ક્ષેત્ર) નિયમિત છે, તેવી જ રીતે તેનો કાળ પ્રવાહ પણ નિયમિત અર્થાત્ નિશ્ચિત છે.

[ -ક્રમશઃ ]

## ચેતી લે ચેતન....

ઉંદર ફુંકી ફુંકીને પગ આદિ ખાય છે ને! ઉંદર ફુંક મારીને કરડે એટલે નિંદ્રામાં પડેલને ખબર પડતી નથી. તેમ આ બૈરા-છોકરા આદિ વખાણ કરી કરીને ખાય છે એટલે મૂઢને ખબર પડતી નથી!

**પ્રશ્ન** :-આ તો બધાના ઘરમાં ઝઘડા થાય તેવું છે!

**ઉત્તર** :-શાસ્ત્રકાર પણ કહે છે ને!-કે કુટુંબીજનો ધુતારાની ટોળી છે. ભાઈ! જેને સર્પનું ઝેર ચડયું હોય તેને કડવો લીંબડો પણ મીઠો લાગે છે. તેમ સંસાર ઝેર સમાન હોવા છતાં મોહી જીવને તે મીઠો લાગે છે. તેથી તેને જિનવાણીનું અમૃતપાન કરાવી નિર્મોહી બનાવવા વસ્તુસ્થિતિની જેમ વાત છે તેમ કહેવાય છે. અહીં તો ભવનો અભાવ કરવાની ને પરભવ સુધારવાની વાતો છે. **[ -પૂજ્ય ગુરુદેવ, રાત્રિચર્ચામાંથી. ]**




**પ્રશ્ન** :–સમ્યગ્દર્શન થવા પહેલા કેવા પ્રકારના વિચારો ચાલતા હોય કે જેનો અભાવ થઈને સમ્યગ્દર્શન થાય?

**ઉત્તર** :–કેવા પ્રકારના વિચારો ચાલતા હોય તેનો કોઈ નિયમ નથી. તત્ત્વના કોઈ પણ પ્રકારના વિચારો ચાલતા હોય તેનો અભાવ થઈને સમ્યગ્દર્શન થાય છે.

**પ્રશ્ન** :–સમ્યગ્દર્શન થવાવાળાની વ્યવહાર યોગ્યતા કેવી હોય?

**ઉત્તર** :–નિમિત્તથી કે રાગથી સમ્યગ્દર્શન થાય નહિ, પર્યાય–ભેદના આશ્રયે સમ્યગ્દર્શન થાય નહિ, આ બાજુ અંદરમાં ઢળવાથી જ સમ્યગ્દર્શન થાય અને બીજી કોઈ રીતે ન થાય–એવા પ્રકારની દ્રઢ શ્રદ્ધા–જ્ઞાન એ સમ્યગ્દર્શન થવાવાળાની યોગ્યતા છે.

**પ્રશ્ન** :–બુદ્ધિ પૂર્વક તત્ત્વનો અભ્યાસ કરવા છતાં કોઈને સમ્યગ્દર્શન થાય છે ને કોઈને ન પણ થાય તેનું શું કારણ?

**ઉત્તર** :–જે જીવ તત્ત્વ નિર્ણયનો યથાર્થ પુરુષાર્થ કરે છે તેને તો સમ્યગ્દર્શન થાય જ છે પણ જે જીવ તત્ત્વનો અભ્યાસ કરવા છતાં કોઈ ને કોઈ ઠેકાણે અટકી જાય છે તો તેને સમ્યગ્દર્શન થતું નથી. શાસ્ત્રાનુસાર અભ્યાસ તો કરી લ્યે પણ અટકવાના અનેક પ્રકાર છે, તેમાંથી કોઈ ઠેકાણે અટકી જાય તો તેને સમ્યગ્દર્શન થતું નથી. ચડવાનો એક જ પ્રકાર છે. જે સાચો પ્રયત્ન રુચિપૂર્વક કરે છે તેને મોળું–ઢીલું પડવાની વાત જ નથી. તેનું જોર એવું હોય કે તેને સમ્યગ્દર્શન થાય જ. એક વાત આવે છે કે એક વખત ઘણા વહાણ સમુદ્રમાં બુડી ગયા ને એક વહાણ બચી ગયું ત્યારે કોઈ પુણ્યવાને કહ્યું કે જે વહાણ બચી ગયું તે મારું જ છે, મારું વહાણ બુડે નહિ. એમ જે તરવાવાળા જીવો છે તેમાં હું જ છું એમ એને પોતાને અંદરથી લાગે.

**પ્રશ્ન** :–તત્ત્વ વિચાર તે સમ્યગ્દર્શન પામવાનું નિમિત્ત છે તો મૂળ સાધન શું છે?

**ઉત્તર** :–મૂળ સાધન અંદરમાં આત્મા છે. ત્યાં

દૃષ્ટિનું જોર જાય ને એકદમ પૂર્ણ પરમાત્મા જ હું છું–એમ વિશ્વાસ આવે, જોર આવે ને દૃષ્ટિ અંતરમાં ઢળે ત્યારે સમ્યગ્દર્શન થાય છે. તે પહેલા તત્ત્વના વિચાર હોય છે, તેની રુચિ છોડીને અંદરમાં જાય છે ત્યારે તે વિચારને નિમિત્ત કહેવાય છે.

**પ્રશ્ન** :–સૂક્ષ્મ ઉપયોગ એટલે શું ?

**ઉત્તર** :–ઉપયોગમાં આત્મવસ્તુ પકડાય એ ઉપયોગ સૂક્ષ્મ છે. રાગને પકડે છે તે ઉપયોગ સ્થૂલ છે.

* ચક્રવર્તીને કોઈ કહે કે આ વાસીંદુ (ઝાડુ) કાઢી નાખ! તેમ ત્રણલોકનો નાથ ચૈતન્યચક્રવર્તી પ્રભુ! તેને રાગ કરવાનું કહે તે ચક્રવર્તી પાસે વાસીંદુ કઢાવવા જેવું હલકું કામ છે.

**પ્રશ્ન** :–મહાવ્રતના ભાવ ભલે બંધનું કારણ હોય પણ મુનિઓને સહજ તે ભાવ આવે છે, તેનો નિષેધ કેમ હોય ?

**ઉત્તર** :–મહાવ્રતના ભાવો મુનિઓને ભલે સહજ આવે તોપણ તે નિષેધવા યોગ્ય છે.

**પ્રશ્ન** :–મહાવ્રત તો મોટા પુરુષો આદરે છે, તેથી તેને મહાવ્રત કહે છે, તેનો નિષેધ કેમ થાય ?

**ઉત્તર** :–મોટા પુરુષો અંતરસ્વરૂપમાં સ્થિર થયા છે તેની સાથે વ્રતના પરિણામ આવે છે તેથી તેને મહાવ્રત કહે છે, પણ છે તો તે બંધના જ કારણ. તેથી તેનો નિષેધ કરાય છે. કલશ ટીકાના ૧૦૮ માં કલશમાં પણ કહ્યું છે કે.... વ્યવહારચારિત્ર હોતું થકું દુષ્ટ છે, અનિષ્ટ છે, ઘાતક છે, તેથી વિષય કષાયની માફક ક્રિયારૂપ ચારિત્ર નિષિદ્ધ છે.

**પ્રશ્ન** :–ધર્મ કરવામાં દ્રવ્ય–ગુણ–પર્યાયને સમજવાની શું જરૂર છે? દાન–વ્રત–તપ કરવાથી ધર્મ તો થાય છે ?

**ઉત્તર** :–દાન–વ્રત–તપ કરે અને તે શુભરાગથી લાભ માને–ધર્મ માને તે તો મિથ્યાત્વના મોટા પાપને બાંધે છે. વ્રતાદિના પરિણામ તો રાગરૂપ છે, બંધરૂપ છે અને ધર્મ તો વીતરાગ પરિણામ છે. આત્મા આનંદસ્વરૂપ મહાપ્રભુ છે તેને દ્રવ્ય–ગુણ –પર્યાયના સ્વરૂપથી ઓળખે તો રાગથી ભિન્ન પડી ચૈતન્યસ્વરૂપ આત્મામાં એકાગ્ર થાય અને ત્યારે ધર્મ થાય છે.

* જેણે મોહરૂપી મિથ્યાત્વનો દારૂ પીધો છે તેઓ ભ્રમણાના રસના ભારથી શુભ અને અશુભ ભાવમાં ભેદ પાડે છે. શુભાશુભ ભાવ એકરૂપ બંધનું જ કારણ હોવા છતાં મિથ્યાત્વરૂપી ભ્રમણાના રસના ભારથી નાચે છે કે શુભભાવ તે સારો ને અશુભ તે ખરાબ, યાત્રા–ભક્તિ–પૂજા આદિ શુભભાવ તો સારા છે ને તે કરતાં કરતાં ધર્મ થશે અને વિષય કષાય વેપારના ભાવ ખરાબ છે–એમ

શુભ ને અશુભ બંને બંધના જ કારણ હોવા છતાં મોહરૂપી ગાંડપણથી ભેદ પાડતો હતો. મિથ્યાત્વરૂપી દારૂ પીઈને શુભાશુભમાં ભેદ પાડીને અજ્ઞાની નાચતો હતો, શુદ્ધાત્માના અમૃત પીઈને જ્ઞાનજ્યોતિ પ્રગટ કરી મિથ્યાત્વરૂપી મોહને મૂળમાંથી ઊખેડી અજ્ઞાન અંધકારનો નાશ કરી, જ્ઞાનજ્યોતિ અત્યંત સામર્થ્યથી પ્રગટ કરે છે. જ્ઞાનજ્યોતિઆત્મા કદી શુભાશુભ રૂપે થયો જ નથી. ભલે ગમે એટલા શુભાશુભ ભાવ થયા પણ એ રૂપે શુદ્ધાત્મા કદી થયો જ નથી. એ શુદ્ધાત્માના આશ્રયથી જ્ઞાનજ્યોતિ પ્રગટ થતાં લીલામાત્રથી અજ્ઞાન અંધકારનો નાશ કરી નાખે છે. લીલા માત્રમાં આનંદ કરતા કરતાં રમત કરતાં કરતાં મોહનો નાશ કરે છે.

* જેમ ચક્રવર્તી વાસુદેવ આદિ મોટા પુરુષોના ધનુષ્યના એક ટંકાર માત્રથી દુશ્મનની સેના–લશ્કર નાશ ભાગ કરીને ભાગી જાય છે. તેમ ભગવાન ચૈતન્યનાં આનંદનું એક સ્ફુરણ માત્ર જાગૃત થતાં વિકલ્પોના સમૂહની ઇંદ્રજાળ ક્ષણમાત્રમાં નાશ પામે છે.

**પ્રશ્ન** :–જ્ઞાન વગરનો વૈરાગ્ય તે રુંધાયેલો કષાય છે ?

**ઉત્તર** :–હા, આત્માના જ્ઞાન–ભાન વિનાના કષાયની મંદતાના વૈરાગ્યરૂપ પરિણામમાં કષાય દબાયેલો છે, કષાય ટળ્યો નથી. એ દબાયેલો–રુંધાયેલો કષાય ફાટશે ત્યારે નરક નિગોદમાં ચાલ્યો જાશે. ભલે બહારથી રાજપાટ સ્ત્રી પુત્રાદિ છોડયા હોય પણ આત્માના ભાન વિનાનો કષાય ટળતો નથી, દબાય છે અને કાળ ક્રમે ફાટતા તીવ્ર કષાય થાય છે.

**પ્રશ્ન** :–લોક છ દ્રવ્યસ્વરૂપ છે, તેમાં જીવ સપ્તમ્ દ્રવ્ય થઈ જાય છે ?

**ઉત્તર** :–લોક છે તો છ દ્રવ્યસ્વરૂપ જ, પણ તે જ્ઞેય હોવાથી વ્યક્ત છે અને તેને જાણનાર જીવ તેનાથી ભિન્ન છે તેથી તે અપેક્ષા તેને સપ્તમ્ દ્રવ્ય કહ્યું છે.

**પ્રશ્ન** :–મુનિપણામાં વ્રત–તપ–શીલ આદિ આચરણ કરવાનું કહ્યું છે. જે કરી શકાય છે એને તો બંધનરૂપ અને સંસારનું કારણ કહ્યું તો પછી મુનિઓને શરણ કોનું રહ્યું ? મુનિપણું કોના આશ્રયે પાળશે ?

**ઉત્તર** :–વ્રત તપ શીલ આદિ શુભ આચરણરૂપ કર્મનો નિષેધ કરતાં, નિષ્કર્મ અવસ્થા રૂપે પ્રવર્તતા, મુનિઓ કાંઈ અશરણરૂપ નથી, જ્ઞાનસ્વરૂપમાં આચરણ કરતું જ્ઞાન જ મુનિઓને શરણરૂપ છે. જ્ઞાનનું શરણ લેતાં મુનિઓ પરમ અમૃતને આસ્વાદે છે તેથી શુભાચરણને નિષેધતાં મુનિઓને જ્ઞાન પરમ શરણરૂપ છે.

**પ્રશ્ન** :–કુંદકુંદાચાર્યે પણ મહાવ્રતને પાળ્યા હતા ને ?

**ઉત્તર** :-કુંદકુંદાચાર્યે મહાવ્રતને પાળ્યા ન હતા પણ મહાવ્રતના વિકલ્પો આવ્યા હતા તેને જાણ્યા હતા. પણ તે વિકલ્પોના તેઓ સ્વામી ન હતા, તેને પોતાપણે જાણતા ન હતા પણ પરજ્ઞેયપણે જાણનાર હતા.

* જેઓ કર્મનયના આલંબનમાં જ તત્પર છે, શુભક્રિયામાં જ મગ્ન છે, તેઓ જ્ઞાનસ્વરૂપ આત્માને જાણતા ન હોવાથી સંસારમાં ડુબેલા છે અને જેઓ જ્ઞાનનયના પક્ષપાતી છે, એકલી જ્ઞાનની વાતો શુષ્કતાથી કરે છે અને સ્વસન્મુખનો પુરુષાર્થ કરતા નથી તેઓ પણ સંસારમાં ડુબેલા છે. જેઓ શુભ પરિણામના ભરોસે પડયા રહે છે પણ અંતરમાં ભગવાનનો ભરોસો કરતા નથી તેઓ સંસારમાં ડુબે છે અને જેઓ શુભ પરિણામને તો છોડી ધ્યે છે પણ સ્વભાવનો અનુભવ કરતાં નથી ને અશુભમાં પડયા રહે છે તેઓ પણ સંસારમાં ડુબે છે. અને જેને હજુ સમ્યગ્દર્શન થયું નથી પણ જેઓ સ્વરૂપ સન્મુખ થવાનો પ્રયત્ન કરે છે તેઓ આ કર્મનય અને જ્ઞાનનયના એકાન્ત પક્ષપાતી નથી પણ સ્વરૂપ સન્મુખ થવાની પ્રયત્નશીલ છે અને જેઓ જ્ઞાનસ્વરૂપને સાક્ષાત્ અનુભવે છે, તેઓ વિશ્વની ઉપર તરે છે. તેઓ કર્મને કદી કરતા નથી અને કયારેય પ્રમાદને વશ પણ થતા નથી. અંતરના અનુભવના વલણમાં-ઉદ્યમમાં પડયા છે તેઓ જ સંસારથી તરે છે.

* હું સિદ્ધ જેવો જ છું અને અરિહંત જેવો જ છું એવા વિશ્વાસમાં શુદ્ધ અસ્તિત્વનું જોર આપ્યું છે. જેવા અરિહંત-સિદ્ધ છે એવો જ હું છું એમ બેની સમાનતામાં શુદ્ધ-અસ્તિત્વનાં વિશ્વાસનું જોર છે.

* પ્રભુ મેરે તું સબ વાતે પૂરા, પરકી આશ કહાં કરે પ્રીતમ !
  યે કીણ બાતે અધૂરા ?

  આહાહા ! પ્રભુ તું પૂરો છો, તારા પ્રભુત્વ આદિ એક એક ગુણ પૂરણ છે. તારી શક્તિની શું વાત કરવી ? તું કોઈ ગુણે અધૂરો નથી, પૂરેપૂરો છો. તારે કોના આધારની જરૂર છે ? આહાહા ! એને આવી ધૂન ચડવી જોઈએ. પહેલા આવા સ્વભાવનો વિશ્વાસ આવવો જોઈએ. પછી દૃષ્ટિ ને અનુભવ થાય.

* બાહ્ય ગમે એટલા ક્રિયાકાંડ વ્રત તપ કરે પણ જેમાં ઠરવું છે એમાં દૃષ્ટિ મૂકયા વિના ઠરશે ક્યાં ? બે દ્રવ્યની ભિન્નતા જાણ્યા વિના દૃષ્ટિ પોતામાં જાય ક્યાંથી ? પરથી ભિન્ન સ્વદ્રવ્યનું સામર્થ્ય જાણે તો દૃષ્ટિ સ્વમાં ઠરે-ઢળે.

# મુક્તિનું કારણ :
# જગતથી ન્યારી, અદ્‌ભૂત, પવિત્ર મુનિદશા

'બહેનશ્રીનાં વચનામૃત' બોલ ૪૧૦ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનમાંથી

શરીર–વાણી–મન તો જડ છે પણ પુણ્ય–પાપના ભાવથી પણ આત્માનું અસ્તિત્વ જુદું છે ને એક સમયની પર્યાયથી પણ આત્માનું મૂળ અસ્તિત્વ જુદું છે. એ મૂળ અસ્તિત્વને જેણે પકડયું નથી, પોતે અનાદિ–અનંત રહેનાર શાશ્વત તત્ત્વ છે ને અનંત સુખથી ભરપૂર છે એવો અનુભવ કર્યો નથી, પુરણ શુદ્ધ હયાતીવાળું તત્ત્વ જે અનાદિ અનંત ને અનંત સુખથી ભરપૂર છે તેને અનુલક્ષીને વીતરાગી પરિણતિ જેણે પ્રગટ કરી નથી તે પુણ્ય–પાપરૂપ, દુઃખરૂપ ભાવ કરીને રખડે છે.

પરમાત્મા જિનેશ્વરદેવે કહેલી મૂળ વસ્તુ કે જે અનાદિ અનંત શાશ્વત ને અનંત સુખથી ભરપૂર છે તેમાં 'આ હું'–એમ અહમ્‌પણું સ્થાપિત કરે નહિ, એ મૂળ વસ્તુને વીતરાગી પર્યાય પ્રગટ કરીને અનુભવે નહીં એવા જીવો, આ ઇન્દ્રિય સુખોને નાશવાન તથા વર્તમાન ને ભવિષ્યમાં દુઃખ દેનારા જાણીને છોડે, હજારો રાણીને છોડે, બહારથી મુનિપણું ગ્રહણ કરે ને આકરા તપ તપે તોપણ તેને જનમ–મરણ નહીં મટે. કેમ કે જન્મ–મરણ રહિત જે ત્રિકાળી ધ્રુવ વસ્તુ છે તેની સન્મુખ થઈને શુદ્ધ પરિણતિ પ્રગટ કરી નથી તેથી બાહ્ય મુનિપણું ગ્રહણ કરે, દુર્ધર તપ કરે તથા આકરાં ઉપસર્ગ–પરિષહમાં અડગ રહે તોપણ તે બધું નિર્વાણનું કારણ થતું નથી. તેને સ્વર્ગ મળે પણ જન્મ–મરણનો અભાવ થતો નથી. તે ભલે પંચમહાવ્રતાદિ પાળે છતાં તે મુક્તિનું કારણ થતું નથી, સ્વર્ગનું કારણ થાય છે. કારણ કે તેને શુદ્ધભાવ બિલકુલ વર્તતો નથી. શુદ્ધ સ્વભાવની શુદ્ધ પરિણતિ તેને વર્તતી નથી પણ તેને એકલો શુભભાવ છે, પુણ્યભાવ છે, રાગભાવ છે, તેનાથી બહુ તો સ્વર્ગ મળે પણ એ બધું મુક્તિનું કારણ થતું નથી.


જેને શુદ્ધ પરિણમન બિલકુલ વર્તતું નથી ને માત્ર શુભભાવ વર્તે છે અને તે પણ ઉપાદેયબુદ્ધિએ વર્તે છે, તે ભલે અગિયાર અંગ ને નવપૂર્વને અનંતવાર ભણી ગયો

હોય, તોપણ પર્યાય વિનાનું સામાન્ય ત્રિકાળી મૂળ દ્રવ્ય છે તેને અનુભવપૂર્વક તેણે જાણ્યું નહીં હોવાથી તે બધું અજ્ઞાન છે. આત્મા ત્રિકાળી સામાન્ય છે આદિ નવ પૂર્વમાં ભણવામાં તો આવી ગયું પણ એ ધારણામાં આવ્યું છે, ધારણામાં જાણ્યું પણ આત્મા સામાન્યસ્વરૂપ છે એમ અનુભવપૂર્વક જાણ્યું નથી. સામાન્યસ્વરૂપ એટલે ?–કે એક સમયની પર્યાય તે વિશેષ છે ને ત્રિકાળી ધ્રુવ દ્રવ્ય તે સામાન્ય છે. શાસ્ત્રના જ્ઞાનથી તો જાણ્યું છે કે આ સામાન્ય ને આ વિશેષ છે પણ અનુભવપૂર્વક જાણ્યું નથી કે આ સામાન્ય છે અને તેથી તે બધું જાણપણું અજ્ઞાન છે.

જૈન દર્શન સિવાય તો બીજામાં મુનિ છે જ નહીં. જૈનદર્શનના સાચા ભાવલિંગી મુનિને તો શુદ્ધદ્રવ્યાશ્રિત મુનિપણાને યોગ્ય ઉગ્ર શુદ્ધ પરિણતિ પ્રગટેલી હોય છે અને તે સદાય ચાલુ જ હોય છે. સાચા ભાવલિંગી સંતને તો વીતરાગધારા સદાય ચાલુ જ હોય છે. પરની ક્રિયા કરી શકું છું–એવું પરનું કર્તાપણું તો સમ્યગ્દર્શન થતાં જ છૂટી ગયું હોય છે, પણ મુનિદશાને યોગ્ય ઉગ્ર શુદ્ધ પરિણતિ મુનિને સદાય ચાલુ જ રહે છે.

સાચા ભાવલિંગીમુનિને તો ત્રિકાળી શુદ્ધ દ્રવ્યના અવલંબને એકલી જ્ઞાતાદૃષ્ટાની અતૂટ ધારા વર્તતી હોય છે, ઉગ્ર ને અતૂટ જ્ઞાતૃત્વધારા મુનિને વર્તતી હોય છે. શાન્તિનો સાગર પ્રભુ તેના ઉગ્ર અવલંબને પરમ સમાધિ પરિણમી હોય છે. તેઓ શીઘ્ર શીઘ્ર નિજાત્મમાં લીન થઈ આનંદને વેદતા હોય છે. છઠ્ઠે ગુણસ્થાને પંચ મહાવ્રતાદિનો વિકલ્પ ઉઠતો હોય છે એને છોડીને સાતમે ગુણસ્થાને શીઘ્ર શીઘ્ર નિજાત્મમાં લીન થઈને આનંદની ઉગ્ર દશામાં પરિણમી જાય છે. મુનિ અતીન્દ્રિય આનંદના સ્વાદીયા હોય છે, તેથી શીઘ્ર શીઘ્ર નિજાત્મમાં લીન થાય છે.

મુનિને પ્રચુર સ્વસંવેદનનો ઊભરો આવે છે. તે દશા અદ્ભૂત છે, જગતથી ન્યારી છે. મુનિરાજને પૂર્ણ વીતરાગતા નહીં હોવાથી તેમને વ્રત–તપ–શાસ્ત્રરચના વગેરે શુભભાવો આવે છે ખરા, પણ તે હેયબુદ્ધિએ આવે છે. પૂરણ વીતરાગતા ને પૂરણ ગુણોની પૂરણ વ્યક્તિ પર્યાયમાં નહીં હોવાથી હેયબુદ્ધિએ વ્રત–તપ આદિ શુભભાવો આવે છે. આવી પવિત્ર મુનિદશા મુક્તિનું કારણ છે.




* સાવરકુંડલાનિવાસી શ્રી શામજીભાઈ નાનજીભાઈ વરીયા (વર્ષ–૬૯) તા. ૫–૫–૭૯ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ વારંવાર સોનગઢ આવીને પૂજ્યશ્રીના પ્રવચનોનો લાભ લેતા હતા.

* સુરેન્દ્રનગરનિવાસી શાહ વાડીલાલ ઉજમશી (વર્ષ–૮૪) વૈશાખ સુદ ૧૦ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે, પૂજ્ય ગુરુદેવશ્રીના પરિવર્તન પહેલાથી તેઓ પૂજ્ય ગુરુદેવના સત્સમાગમમાં આવેલા હતા.

* ગોંડલનિવાસી શ્રી રમણિકલાલ જયંતિલાલ માવાણી (વર્ષ–૫૨) તા. ૧૬–૫–૭૯ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ વારંવાર સોનગઢ આવીને પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનોનો લાભ લેતા હતા.

* રાજકોટનિવાસી શ્રી અમીચંદ છોટાલાલ શાહ, જેઠ સુદ ૧૦ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* રસનાળવાળા હરગોવિંદદાસ મોતીચંદ શેઠ, તા. ૧૦–૬–૭૦ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* પીપળવાવાળા શ્રી બિલખીયા જમનાદાસ મોતીચંદ (વર્ષ–૯૨) તા. ૧૪–૬–૭૯ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓએ છેલ્લે છેલ્લે સોનગઢ રહીને પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનોનો ઘણો લાભ લીધો હતો.

–સ્વર્ગસ્થ આત્માઓ વીતરાગધર્મનું શરણ પામીને આત્મોન્નતિ પામો એ જ ભાવના.

## વિવિધ સમાચાર :–

સોનગઢમાં પૂજ્ય ગુરુદેવશ્રી સુખ–શાતામાં બિરાજી રહ્યા છે. સવારે શ્રી સમયસાર શાસ્ત્ર ઉપર તથા બપોરે શ્રી પ્રવચનસાર શાસ્ત્ર ઉપર અધ્યાત્મરસ ઝરતા પ્રવચનો ચાલી રહ્યા છે.

## શિક્ષણ શિબિર

દર વર્ષની માફક આ વરસે પણ સોનગઢમાં તા. ૨૧–૭–૭૯ થી તા. ૯–૮–૭૯ સુધી શિક્ષણ શિબિર રાખવામાં આવી છે. જેમાં પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચનો ઉપરાંત વિદ્વાન મુ. શ્રી રામજીભાઈ, પં. શ્રી જ્ઞાનચંદજી વગેરે વિદ્વાનો ક્લાસ લેશે. ક્લાસમાં નીચે જણાવેલ પુસ્તકો ચાલશે.

૧. ઉત્તમ વર્ગ :– મોક્ષમાર્ગ પ્રકાશક અને જૈન સિદ્ધાંત પ્રશ્નોત્તર માળા.

૨. મધ્યમ વર્ગ :– છહ્ઢાળા, દ્રવ્ય–સંગ્રહ, જૈન સિદ્ધાંત પ્રશ્નોત્તર માળા.

૩. જઘન્ય વર્ગ :– છહ્ઢાળા અને લઘુ જૈન સિદ્ધાંત પ્રવેશિકા

તા. ક. :– આવનારા આત્માર્થી બંધુઓને બેડિંગ, ડોલ અને વર્ગમાં ચલાવાના પુસ્તકો જરૂર સાથે લાવવા વિનંતિ. –વ્યવસ્થાપક

## –: પ્રવચનકાર પ્રશિક્ષણ શિબિર :–

પર્યૂષણ પર્વ તથા અન્ય અવસરો ઉપર પ્રવચન માટે જવાવાળા તથા મંડળમાં દરરોજ તત્ત્વ–ગોષ્ઠિમાં પ્રવચન કરવાવાળા પ્રવચનકાર ભાઈઓ માટે ગયા વર્ષની માફક આ વર્ષે પણ પરમ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજી સ્વામીની છત્રછાયામાં શિક્ષણ શિબિરની સાથો સાથ ડૉ. શ્રી હુકમચંદજી ભારિલ્લના માર્ગદર્શન હેઠળ તા. ૨૧–૭–૭૯ થી તા. ૯–૮–૭૯ સુધી પ્રવચનકાર પ્રશિક્ષણ શિબિરનું સોનગઢમાં આયોજન કરવામાં આવ્યું છે. જેમાં ડૉ. શ્રી ભારિલ્લજી ઉપરાંત વિદ્વવર્ય શ્રી લાલચંદભાઈ, શ્રી બાબુભાઈ તથા શ્રી નેમીચંદજી પાટની વગેરે અધ્યાપન કાર્ય કરશે. તેમાં નયચક્ર, આલાપપદ્ધતિ તથા મોક્ષમાર્ગ પ્રકાશકના આધારે નયનું અને ક્રમબદ્ધપર્યાયનું જ્ઞાન તથા સામાન્ય રીતિ–નીતિ સંબંધી જ્ઞાન કરાવવામાં આવશે. જેમની પાસે પુસ્તકો હોય તેમણે સાથે લાવવા. બીજાઓ માટે અહીંથી વ્યવસ્થા કરવામાં આવશે.

વ્યવસ્થાપક–
શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ,
સોનગઢ (સૌરાષ્ટ્ર)




* પ્રશ્ન :–આ તત્ત્વની ઝાંખી ( સંસ્કાર ) આવતા ભવમાં રહે એવો કાંઈ ઉપાય ખરો ?

ઉત્તર :–આ તત્ત્વનો પાકો નિર્ણય કરે તો આવતા ભવમાં એ સંસ્કાર કામ આવે.

પ્રશ્ન :–હકાર આવે તે કામ લાગે ?

ઉત્તર :–અંદરની રુચિથી હકાર આવે તો આવતા ભવમાં કામ લાગે, બાકી હકારના પ્રકાર તો ઘણા હોય છે. અંદરથી હકાર આવે તે કામ કરે છે.

પ્રશ્ન :–હકાર અંદરથી કેવો હોય ?

ઉત્તર :–અંદરથી હકાર આવે તે જીવને પોતાને ખબર પડે છે.

* પ્રશ્ન :–એક દ્રવ્ય બીજા દ્રવ્યને કાંઈ કરે નહિ તે સિદ્ધાંતમાં એક જીવ બીજા જીવને કાંઈ કરી ન શકે તે બેસે છે પણ એક પરમાણુ બીજા પરમાણુને કાંઈ કરે નહિ તે બેસે તેવું નથી !

ઉત્તર :–એક પરમાણુ સ્વતંત્ર છે, પોતે કર્તા થઈને પોતાના કાર્યને કરે છે. બીજા પરમાણુનો તેનામાં અત્યંત અભાવ છે અને એથી આગળ જરા સૂક્ષ્મ લઈએ તો પુદ્‌ગલદ્રવ્યની પર્યાય પર્યાયથી સ્વતંત્ર થાય છે, દ્રવ્ય પણ કારણ નહિ. ભાઈ ! વીતરાગની વાત બહુ સૂક્ષ્મ છે.

પ્રશ્ન :–ઘડો કુંભારથી તો થતો નથી પણ માટીથી પણ થાય નહિ ?

ઉત્તર :–ઘડો ઘડાની પર્યાયના ષટ્‌કારકથી સ્વતંત્ર થાય છે, માટી–દ્રવ્યથી પણ નહિ, માટી દ્રવ્ય તો કાયમ છે. ઘડો–રામપાત્ર આદિ પર્યાયો નવી નવી ઉત્પન્ન થાય છે ને પર્યાયો પોતાના ષટ્‌કારકથી સ્વતંત્ર થાય છે.

* ઘટઘટ અંતર જિન વસે, ઘટઘટ અંતર જૈન, એટલે દરેક આત્મા શક્તિરૂપે તો જિન છે જ પણ ઘટઘટ અંતર જૈન એટલે ગૃહસ્થાશ્રમમાં રહેલા ચક્રવર્તિને ૯૬૦૦૦ રાણીઓ હોય, ઇન્દ્રને કરોડો અપ્સરા હોય, અનેક પ્રકારના વૈભવો બાહ્યમાં હોય છતાં સમ્યગ્દ્રષ્ટિ અંદરમાં જૈન છે. રાગથી ભિન્ન પડયો હોવાથી સાચો જૈન છે અને બાહ્યથી હજારો સ્ત્રીને છોડી ત્યાગી થયો છતાં રાગથી ભિન્ન થયો નથી તે ખરો જૈન નથી. તેણે રાગને રૂંધ્યો છે પણ રાગથી ભિન્ન થયો નથી તેથી જૈન નથી.

[ અનુસંધાન માટે જુઓ પાનુ ૨૭ ]

## આત્મધર્મના આજીવન સભ્યોની નામાવલિ

| | | |
|---|---|---|
| ૯૧૦ | શ્રી લલિત અગ્રવાલ | ન્યૂ દિલ્હી |
| ૯૧૧ | ,, ચંપકલાલ સોમચંદ કોટડિયા | ઝીંઝવા |
| ૯૧૨ | ,, દિનેશચંદ્ર ચરાલાલ | ભાયંદર |
| ૯૧૩ | ,, કનૈયાલાલ અમરચંદ સંઘવી | જવાહરનગર |
| ૯૧૪ | ,, બાબુભાઈ હરજીવનદાસ પરમાર | વડોદરા |
| ૯૧૫ | ,, પ્રભુદાસ હરગોવિંદદાસ ગોસળીયા | ,, |
| ૯૧૬ | ,, રોનક ઈન્ડસ્ટ્રીઝ પ્રા. લી. | વીશાખાપટ્ટનમ |
| ૯૧૭ | ,, કાંતિલાલ અંબાલાલ શાહ | મુંબઈ |
| ૯૧૮ | ,, સાકરચંદ માણેકચંદ શાહ | ,, |
| ૯૧૯ | ,, હીના ચંદ્રકાંત કોઠારી | ,, |
| ૯૨૦ | ,, રૂક્ષમણીબેન કલ્યાણજી શાહ | ,, |
| ૯૨૧ | ,, પ્રકાશચંદ્ર બાલચંદ શાહ | ,, |
| ૯૨૨ | ,, પ્રભાબેન પ્રેમચંદ ખારા | અમદાવાદ |
| ૯૨૩ | ,, ઉકાબેન એ. શાહ | કલકત્તા |
| ૯૨૪ | ,, ઝવેરચંદ એસ. ગડા | ભીવંડી |
| ૯૨૫ | ,, રમણીકલાલ એમ. શાહ | લંડન |
| ૯૨૬ | ,, મધુબેન ભૂપતરાય શાહ | અમદાવાદ |
| ૯૨૭ | ,, ચીમનલાલ હીરાચંદ શાહ | ,, |
| ૯૨૮ | ,, ગુણવંતરાય મનસુખલાલ | સુરેન્દ્રનગર |
| ૯૨૯ | શ્રીમતી સવિતાબેન પ્રેમચંદ શાહ | લંડન |
| ૯૩૦ | ,, મુક્તાબેન નટવરલાલ શેઠ | બેંગલોર |
| ૯૩૧ | શ્રી પ્રકાશ વ્રજલાલ શેઠ | ,, |
| ૯૩૨ | ,, લાભુબેન જગજીવનદાસ | દિલ્હી |
| ૯૩૩ | ,, રજની પી. શાહ | લંડન |
| ૯૩૪ | ,, દયાબેન પ્રફુલચંદ્ર સંઘવી | મુંબઈ |
| ૯૩૫ | ,, ભાનુલાલ દેસાઈ એન્ડ કુ. | કલકત્તા |
| ૯૩૬ | ,, મંજુલાબેન અરવિંદકુમાર શાહ | મુંબઈ |
| ૯૩૭ | ,, કેશવલાલ ડી. શાહ | શોલાપુર |
| ૯૩૮ | ,, ધરમચંદ નાથુભાઈ શાહ | મુંબઈ |
| ૯૩૯ | ,, વેરશી હેમરાજભાઈ શાહ | નાઈરોબી |

**આજીવન સભ્ય ફી રૂ. ૧૦૧/- [ ક્રમશઃ ]**

Licence No. 3
'Licensed to post withouta prepayment'

**If not delivered please Return to:**
શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ,
SONGAD PIN : 364250

તંત્રી : **પુરુષોત્તમદાસ શીવલાલ કામદાર**

પ્રકાશક : **શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ PIN: 364250**

મુદ્રક : **મગનલાલ જૈન,અજિત મુદ્રણાલય,** સોનગઢ ( સૌરાષ્ટ્ર ) પ્રત : ૪૧૦૦

**( વાર્ષિક લવાજમઃ રૂા. ૬=૦૦ )**